સુવિચાર
આજનો દરેક સંઘર્ષએ, આવતીકાલની સિદ્ધિનું કારણ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



લુપ્ત થતી પ્રજાતી પ્રાણી પેંગોલીન (કીડીખાઉ) વેંચવા નિકળેલા બે શખ્સો પકડાયા P.4

Year-16, Issue-165 ■ DATE : 27-10-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

સૌરાષ્ટ્ર-કચ્છમાં માવઠાએ ખેડૂતોના હાલ કર્યા બેહાલ

હજુ ત્રણ દિવસ આગાહીઃ સમગ્ર રાજ્યમાં ગોરંભાયેલુ હવામાનઃ મહુવામાં આભ ફાટ્યુઃ મગફળીના પાકને મોટુ નુકસાન



મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસાએ વિદાય લીધા બાદ રહી રહીને માવઠુ વરસતા ખેડૂતોના હાલ બેહાલ થયા છે. મગફળી, કપાસ, સોયાબીન, સહિત પાકનો સોથ વળી ગયો છે. આજે સવાર સુધીમાં ભાવનગર જીલ્લાના મહુવામાં દે ધનાધન સાડા ૧૧ ઈંચ વરસાદ પડયો છે. આ ઉપરાંત અમરેલી જીલ્લાના રાજુલામાં સાડા ૯ ઈંચ, શિહોરમાં ૬ ઈંચ વરસાદ પડયો છે.

જયારે અમરેલી જીલ્લાના જાફરાબાદમાં ૫, સાવરકુંડલા-ઉનામાં ૪, ભાવનગર, પાલીતાણા, જેશર, વલ્લભીપુરમાં સાડા ૩ ઈંચ, ગારીયાધાર, તળાજા, ઉમરાળામાં અઢી ઈંચ, વરસાદ પડયો છે.

આ વરસાદના કારણે મગફળી, કપાસ, સોયાબીન, સહિત શિયાળુ પાકનો સોથ વળી ગયો છે. મગફળીનાં પાથરા પલળી જતા ખેડૂતોને આર્થિક ફટકો પડયો છે.

આજે સતત બીજા દિવસે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગોરંભાયેલુ વાતાવરણ થયાવત છે. અને સર્વત્ર વાદળ સાથે ઝરમર વરસાદ વરસી રહ્યો છે.

રાજકોટ શહેરમાં ગઈકાલે આખો દિવસ વાદળછાંયું વાતાવરણ રહ્યુ હતું અને રાત્રીના ૯ વાગ્યાથી ઝરમર વરસાદ શરૂ થયો હતો. જે આખી રાત ધીમીધારે ઝાપટારૂપે વરસ્યો છે. આજે સવારે પણ ઝરમર વરસાદ વરસ્યો હતો. અને વાદળછાયું વાતાવરણ છવાયેલુ છે. સૂર્યનારાયણે સવારે દર્શન દીધા ન હતાં.

ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લામાં છેલ્લા ૨૬ કલાક દરમિયાન પોણા ઈંચથી સાડા પાંચ ઈંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના મહુવામાં ૧૧.૫ ઈંચ, સિહોરમાં ૫.૫ ઈંચ, ભાવનગર શહેરમાં ૩.૫ ઈંચ, પાલીતાણામાં ૩.૫ ઈંચ, જેસરમાં ૩.૫ ઈંચ, ગારીયાધારમાં ૨.૫ ઈંચ, તળાજા અને ઉમરાળામાં ૨.૫ ઈંચ અને વલભીપુરમાં ૩.૭૫ ઈંચ વરસાદ પડ્યો છે. હજુ પણ જિલ્લામાં ત્રણ દિવસ વરસાદની આગાહી છે. પાછોતરા વરસાદથી જિલ્લામાં કપાસના પાકને નુકસાન ની ભીતી સેવાઈ રહી છે.

સાવરકુંડલા શહેર અને પંથકમાં ગઈકાલ સવારથી ધીમીધારે વરસાદ વરસવો ચાલુ થયો હતો જે ગઈકાલ દિવસભર ધીમી ધારે વરસતો રહ્યો જો કે સાંજના આઠ વાગ્યા બાદ વરસાદની માત્રા વધી હતી અને રાતભર અપાઢી મેઘ વરસતો હોય તેવો માહોલ રહ્યો હતો આજ સવારે પણ ભારે વરસાદ વરસવો ચાલુ છે નવા વર્ષની શરૂઆતમાં જ વરસાદ જાણે આવતા ચોમાસાનું મુર્હુત લાભ પાચમ ના રોજ સાચવ્યું હોય તેમ સતત વરસી રહ્યો છે. મામલતદાર કચેરીમાં બેદિવસ નો ચાર ઈંચ વરસાદ નોંધાયો છે જેમા આજે સવારે બે કલાક માં જ બે ઈંચ પડી ગયો છે.

વાવાઝોડુ મોન્થા 3 રાજ્યોમાં ત્રાટકવાનો ખતરો

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

૮૫ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું મોન્થાની ગતિ વધી, હવામાન વિભાગે ચિંતાજનક અપડેટ જાહેર કરી, લોકો ઘર છોડીને ભાગી ગયા. મોન્થા ચક્રવાતનો ખતરો વધી રહ્યો છે. તે ટૂંક સમયમાં પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રાટકશે. આગામી ૨૪ કલાકમાં અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી છે. જોકે તે દરિયાકાંઠાથી દૂર છે, તેની અસરો પહેલાથી જ દેખાઈ રહી છે. ઘણા રાજ્યોમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. એ જાણવું મહત્વપૂર્ણ છે કે શું આ છઠ પૂજાને પણ અસર કરી શકે છે. આ સિઝનનું પહેલું વાવાઝોડું મોન્થા બંગાળની ખાડીમાં વિકસિત થયું છે. તે દરિયાકાંઠાના રાજ્યો, ખાસ કરીને ઓડિશા અને આંધ્રપ્રદેશમાં મંગળવારે મોડી રાત્રે ૯૦-૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે. નોંધનીય છે કે મોન્થા આંધ્રપ્રદેશના કાકીનાડાથી આશરે ૮૩૦ કિલોમીટર અને રવિવારે મોડી રાત્રે ઓડિશાના ગોપાલપુરથી ૯૩૦ કિલોમીટર દૂર હતું. સાયક્લોન ટ્રેકર વેબસાઈટ . અનુસાર, વાવાઝોડું ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. ચક્રવાત પહેલા ઓડિશામાં સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા, અને ટીમો તૈનાત કરવામાં આવી. ઓડિશા સરકારે રવિવારે સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવાનું શરૂ કર્યું, આઠ જિલ્લાઓમાં ૧૨૮ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમો તૈનાત કરી. આંતરરાષ્ટ્રીય હવામાન વિભાગ એ બંગાળની ખાડીમાં ઊંડા દબાણને કારણે આગામી સવાર સુધીમાં ચક્રવાતી તોફાન બનવાની આગાહી કરી છે.

દેશભરમાં રખડતાં શ્વાનના મુદ્દે સુપ્રીમ લાલધુમ

રાજ્યોના મુખ્ય સચિવોને હાજર થવા આપ્યા આદેશ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

દેશભરમાં રખડતાં શ્વાન મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર દ્વારા સોગંદનામું દાખલ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આદેશ આપ્યા બાદ પણ શ્વાન કરડી જવાની અનેક ઘટનાઓ બની રહી છે, વિદેશમાં પણ દેશની છબિ ખરાબ થઈ રહી છે. તેમ છતાં રાજ્યોએ અનુપાલનનું સોગંદનામું રજૂ કર્યુ નથી. કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવને આ અંગે જાણ કરી ત્રણ નવેમ્બર સુધી જવાબ આપવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટે ઑગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. તેના અનુપાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત સરકારને સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ૨૨ ઑગસ્ટના આદેશ અનુસાર માત્ર ૩ અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા છે. જેમાં પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને દિલ્હી સામેલ છે. જો કે, અન્યોએ અમારા આદેશનું પાલન કર્યું નથી. તેમણે હાજર થવું પડશે. કારણકે, ત્રણ મહિના થયા હોવા છતાં અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા નથી. તેમણે આવીને સ્પષ્ટતા આપવી પડશે. તેમણે સોંગદનામું રજૂ કરવું પડશે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી એનસીઆર સાથે જોડાયેલા રખડતાં શ્વાન મામલે ૨૨ ઑગસ્ટના ચુકાદો આપતાં તેનો અમલ રાજ્યભરમાં કરવા કહ્યું હતું. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ આદેશના અમલ પર સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને દિલ્હી સિવાય અન્ય રાજ્યો પાસેથી કોઈ જવાબ કે પ્રતિક્રિયા ન મળતા નારાજગી વ્યક્ત કરી હતી. તેણે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને ૩ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટમાં હાજર થઈ સ્પષ્ટતા આપવા સૂચન કર્યું છે. જસ્ટિસ વિક્રમ નાથે જણાવ્યું હતું કે, આ મામલે વિદેશમાં ભારતની છબિ ખરાબ થઈ રહી છે. સુપ્રીમ કોર્ટ રાજ્યના આ વલણથી નારાજ છે. જરૂરિયાત પર ઓડિટોરિયમમાં કેસ ચલાવવામાં આવશે.

દેવદિવાળી સુધીમાં ગુજરાત ભાજપમાં નવુ સંગઠન રચાવાની સંભાવના

મુખ્ય સમાચાર, રાજકોટ

ગુજરાતમાં વિદાય લેનાર વિક્રમ સંવત ગુજરાત ભાજપને બે લાંબી રાહ જોવાતી હતી તે 'ભેટ' આપીને વિદાય લીધી. પ્રથમ લગભગ પાંચ વર્ષના પાટીલ યુગનો અંત આવ્યો અને નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની વરણી થતા જ હવે ગુજરાત ભાજપ એક નવા અને હજુ સુધી અોછા કળાયેલા પ્રદેશ પ્રમુખના યુગમાં આવી ગયું છે તથા હવે તેઓ સંગઠનની 'ટીમ'માં કોને લે છે તેના પર નજર છે.

ચર્ચા મુજબ દેવદિવાળી સુધીમાં પક્ષનું નવું સંગઠન સ્થાઈ જશે તો બીજી તરફ ૨૦૨૨ની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ફરી સતા પર આવ્યા બાદ ભુપેન્દ્ર પટેલ સરકારનું વિસ્તરણ કયારે તે ચર્ચા હતી અને દિવાળીના બે દિવસ પુર્વે જ રાજભવનના બદલે મહાત્મા મંદિરમાં તોરણ બંધાયા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની 'સ્પેશ્યલ-૨૬' સ્થાઈ તેમાં પણ જેઓને મંત્રીપદ મળ્યું અને જેઓ રહી ગયા તેની ચર્ચા હવે પુરી થઈ છે તથા હવે એક તરફ સંગઠનમાં વિશ્વકર્મા અને સરકારમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સંવત ૨૦૮૨માં કેન્દ્રમાં હશે તે ચર્ચા છે.

હવે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તેમની નવી ટીમમાં સામેલ કરે છે તેના પર ખાસ નજર છે એ નિશ્ચિત છે કે પાટીલની હાજરી-ગેરહાજરીમાં 'કમલમ'થી પુરો પ્રદેશ સંભાળનાર ઉપપ્રમુખ-મહામંત્રીઓની ટીમ વિદાય લેશે. અનકે સોશ્યલ મીડીયામાં તેના બાયો પણ બદલી નાખ્યા છે પણ ચાર મહામંત્રીઓમાં કોને ચાન્સ મળે છે તેની ચર્ચા છે. એક-બે જૂના જોગીઓ જેમાં પુર્વ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાનું નામ સોથી ચર્ચામાં તેમની વાપસી થઈ શકે છે.

તો સૌરાષ્ટ્રમાં જે રીતે જેમનું નામ મંત્રીપદમાં સોથી ફેવરીટ હતું તે જયેશ રાદડીયા ખુદ હવે તેમને સ્થાન મળ્યુ નહી તેને નસીબના ખેલ જ સમજે છે અને એ નિશ્ચિત કરે છે તેના રાજકીય વિઘાતા હવે વિશ્વકર્મા છે.

તેઓને સંગઠનમાં કોઈ સ્થાન હશે કે પછી હાલના ઉપપ્રમુખ ભરતભાઈ બોઘરા જે પાટીલની ટીમના ટોપ ઓર્ડર બેટર હતા તેઓને હવે મહામંત્રી બનાવે છે તેના પર નજર છે. સરકારની દ્રષ્ટીએ તો સૌરાષ્ટ્રમાં નવ મંત્રીઓની ફીલ્ડીંગ ગોઠવાઈ ગઈ છે. હવે સંગઠનના બેટસમેન-બોલર નકકી થશે જેમાં સાઈડલાઈન થયેલા અનેકને આશા છે.

રાજયના નવા પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માની ટીમમાં સ્થાન મેળવવા અનેક દાવેદારો

વિદ્યાનસભામાં બે ઉપદંડકના સ્થાન ખાલી થયા છે. શ્રી કૌશિક વેકરીયા અને રમણ સોલંકી મંત્રી બનતા તેમના સ્થાને હવે બે ધારા-સભ્યોને આ જવાબદારી સોપાશે તે પણ એકાદ-બે દિવસમાં નિયુક્તિ થશે તો ગૃહમાં હવે બેઠક વ્યવસ્થા ફરશે. ખાસ કરીને હર્ષ સંઘવીને પ્રમોશન મળતા હવે તેઓ ગૃહમાં અને કેબીનેટમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની નજીક નંબર-ટુ સ્થાને બેસશે. વિસ્તરણ વાદની ઔપચારીક બેઠકમાં તે ફેરફાર જોવા મળ્યો છે. અત્યાર સુધી નંબર-ટુ સ્થાન ઋષીકેશ પટેલ પાસે હતું.

તે હવે નંબર-પાંચ બની ગયા છે તો કનુ દેસાઈ નંબર-૩ પર તથા નંબર-૪ પર જીતુ વાઘાણી આવી ગયા છે. કુંવરજી બાવળીયા નંબર પાંચ પર છે પણ તેમના વિભાગોનું મહત્વ ઘટયું છે તો હર્ષ સંઘવીએ મોટી છલાંગ લગાવી છે.

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીને પ્રમોશન મળશે તે નિશ્ચિત હતું પણ નાયબ મુખ્યમંત્રીપદની સરપ્રાઈઝ ગીફટ પુર્ણ કક્ષાનું ગૃહ મંત્રાલય અને સાથે ઉદ્યોગ સહિતના મંત્રાલય મળતા હવે પુરા ગુજરાતનું ફોકસ હર્ષ સંઘવી પર આવી ગયુ છે તે તેની અસર પણ જોવા મળી છે. ખુદ રાજયના પોલીસ વડા સોશ્યલ મીડીયામાં સકીય બની ગયા છે.

સંઘવી પુરી રીતે કાયદો-વ્યવસ્થા સંભાળશે અને તેથી પોલીસ બેડામાં ફેરફાર પણ તે રીતે કરશે તેઓ માટે પોલીસની ઈમેજ સુધારવાનો પડકાર છે તો ઉદ્યોગ મંત્રાલય પણ મળતા હવે રાજયની નવી ઉદ્યોગ પોલીસી ૨૦૨૦ના વાઈબ્રન્ટ સમીટ પર હર્ષ સંઘવીની છાપ હશે.

તેઓ માટે હવે ઉદ્યોગને એક વિભાગ જ નહી જુજરાતને પુરી રીતે વાઈબ્રન્ટ બનાવવામાં મહત્વનું પુરવાર થશે. તેઓ ઉદ્યોગ સાથે તેઓનો પ્રશ્નો અંગે એક નવા અભિગમથી થશે તે નિશ્ચિત છે.

ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટર્સની છેડતીની ઘટના પર ભાજપના નેતાનું વિવાદિત નિવેદન

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

મહિલા વર્લ્ડકપ માટે ભારત આવેલી ઓસ્ટ્રેલિયાની મહિલા ખેલાડીઓ સાથે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં છેડતીની શરમજનક ઘટના થઈ હતી. આ ઘટનાના કારણે વિશ્વભરમાં ભારતની છબી ખરડાઈ. જોકે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ આ મામલે પણ વિવાદિત નિવેદનો આપી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશ સરકારના મંત્રી કૈલાશ વિજયવર્ગીયેએ તો હવે પીડિતા ખેલાડીઓનો જ વાંક કાઢ્યો છે. તેમણે કહ્યું છે કે આમાં ખેલાડીઓની પણ ભૂલ છે.

ભાજપના નેતા કૈલાશ વિજયવર્ગીયેએ કહ્યું, કે મહિલા ખેલાડીઓએ કોઈને જાણ કર્યા વિના ત્યાંથી ના જવાય, તેમણે કોયને પણ જાણ નહોતી કરી. આમાં તેમની પણ ભૂલ છે. તેમની પાસે ખાનગી તથા પોલીસની સુરક્ષા હતી. પણ મહિલા ખેલાડીઓ કોઈની નજરમાં આવ્યા વિના ત્યાંથી જતી રહી અને તે સમયે જ આ ઘટના થઈ. ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે પણ ખેલાડીઓએ આ ઘટનાથી શીખ લેવી જોઈએ.

તેમણે વધુમાં કહ્યું, કે મને લાગે છે કે આપણે જ્યારે પણ બીજા દેશ કે શહેરમાં જઈએ ત્યારે પોતાની સુરક્ષાની ચિંતા પોતે પણ કરવી જ જોઈએ. ખેલાડીઓએ ધ્યાન રાખવું જોઈએ કે તે પોતાનું સ્થાન છોડે તો સૂચના આપે.

આટલું જ નહીં અગાઉ ભાજપના ધારાસભ્ય રામેશ્વર શર્માએ પણ ટિપ્પણી કરતાં કહ્યું હતું, કે હું કક્કર મુસ્લિમોને પૂછવા માંગુ છું કે તમે દેશની છબી ખરાબ કરવાના કામમાં કેમ લાગ્યા છો? કોરોના સમયે તમે ડોકટરો પર થૂંકતા હતા. આરોપી અકીલને ચાર જૂતાં મારી જેલમાં નાંખ્યો છે અને તેને કડક સજા આપીશું.

આજે દેશભરમાં SIRની તારીખોનું એલાનઃ સાંજે ચૂંટણીપંચની પત્રકાર પરીષદ

પ્રથમ તબકકામાં આસામ, કેરળ, તમિલનાડુ, પોંડિચેરી, પ.બંગાળ સહિત ૫ રાજયોનો સમાવેશ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ભારતીય ચૂંટણી પંચ આજે દેશભરમાં એક ખાસ સઘન સુધારાની જાહેરાત કરશે. ચૂંટણી પંચે SIRની તારીખો જાહેર કરવા માટે આજે સાંજે ૪૧૫ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે. અહેવાલ છે કે SIRના પહેલા તબક્કામાં પાંચ રાજ્યોનો સમાવેશ થઈ શકે છેઃ આસામ, કેરળ, તમિલનાડુ, પુડુચેરી અને પમિ બંગાળ, કારણ કે ૨૦૨૬ માં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. ૨૦૨૬ માં કેટલાક રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પણ યોજાવાની છે, પરંતુ પહેલાથી જ

સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે SIR આ રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પછી હાથ ધરવામાં આવશે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓના વ્યસ્ત સમયપત્રકને કારણે, સ્ટાફ SIR માટે સમય ફાળવી શકશે નહીં.

આ પ્રેસ કોન્ફરન્સને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર સુખબીર સિહ સંધુ અને વિવેક જોશી સંબોધશે. SIR ના પહેલા તબક્કાની જાહેરાત આગામી ૨-૩ વર્ષમાં લગભગ ૧૦ થી ૧૫ રાજ્યોમાં થવાની ધારણા છે જ્યાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. ખાસ સઘન સુધારા (SIR) મતદાર યાદીઓ અપડેટ કરશે. મતદાર યાદીમાંથી મૃત મતદારોના નામ દૂર કરવામાં આવશે. નોંધણી પછી નવા મતદારો ઉમેરવામાં આવશે. ડુપ્લિકેટ મતદારોને ઓળખીને દૂર કરવામાં આવશે.

સ્થળાંતરિત અથવા સ્થાનાંતરિત થયેલા મતદારોના નામ પણ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવશે અને અપડેટ કરવામાં આવશે, જેથી ખાતરી કરી શકાય કે ચૂંટણી યોજાવાની તારીખ સુધીમાં મતદાર યાદી સચોટ અને વિશ્વસનીય છે. આ માટે, બૂથ લેવલ ઓફિસર્સ મતદાર યાદી પરની બધી માહિતી, જેમાં નામ, EPIC નંબર, સરનામાં, મોબાઈલ નંબર વગેરેનો સમાવેશ થાય છે, ચકાસવા માટે ઘરે ઘરે સર્વે કરશે. તેઓ નવા મતદારોનો ડેટા એકત્રિત કરશે અને તેમની નોંધણી કરશે. નવા મતદારોને મતદાર કાર્ડ આપવામાં આવશે. આ રીતે અંતિમ મતદાર યાદી તૈયાર કરવામાં આવશે.

નોંધનીય છે કે ભારતીય ચૂંટણી પંચ (ECI) ની ટીમે તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ CEOS સાથે બેઠક કર્યા પછી દેશભરમાં લ્ત્ન ના ફોર્મેટને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. બધા CEOSને અગાઉના હેઠળ અપડેટ્રેડ મતદાર યાદી સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કરવા માટે કહેવામાં આવ્યું છે. દિલ્હીની મતદાર યાદી ૨૦૦૮માં અને ઉત્તરાખંડની ૨૦૦૬માં અપડેટ કરવામાં આવી હતી, અને તેને રાજ્ય ચૂંટણી પંચની સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી છે. બિહારે તાજેતરમાં જ તેનું લ્ત્ન હાથ ધર્યું હતું, અને અંતિમ મતદાર યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

અયોધ્યામાં રામલલાના મંદિર પર વડાપ્રધાન મોદી ૨૨ ફૂટ લાંબી ધજા ફરકાવશે

મુખ્ય સમાચાર, અયોધ્યા

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનું કાર્ય પૂર્ણ થવાના આરે છે અને એની સાથે રામલલાના મંદિરના શિખર પર ધ્વજારોહણ અનુષ્ઠાનની તૈયારીઓ પણ ગતિમાન થઈ ગઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચીફ મોહન ભાગવત આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે.

પચીસમી નવેમ્બર રામ મંદિરના શિખર પર બાવીસ ફુટ લાંબી અને ૧૧ ફુટ પહોળી ધજા ફરકાવવામાં આવશે. શિખર પર લાગેલો ધ્વજસ્તંભ ૩૬૦ ડિગ્રી ફરનારો બોલબેરિંગ સિસ્ટમ પર આધારિત છે.

૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનને પણ ઝીલી શકે એવો આ ધ્વજસ્તંભ છે. શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરિએ કહ્યું હતું કે 'વાલ્મીકિ રામાયણમાં વર્ણિત સૂર્ય, ઓમ અને કોવિદાર વૃક્ષના પ્રતીક સમાન ભગવા રંગનો ધ્વજ ૨૫ નવેમ્બરે રામ મંદિર પર ફરકાવવામાં

આવશે. ૧૬૧ ફુટ ઊંચા શિખર પર લાગેલા ૪૨ ફુટ ઊંચા ધ્વજસ્તંભપર એ ધજા ફરકાવવામાં આવશે. આ માટે પાંચ દિવસનો સમારોહ થશે.જે ૨૧ નવેમ્બરથી શરૂ થશે અને ૨૫ નવેમ્બરે સંપન્ન થશે. આ અનુષ્ઠાનને અયોધ્યા અને કાશીના આચાર્યો સંપન્ન કરાવશે.'

મંદિરમાં પથ્થર સંબંધિત તમામ નિર્માણકાર્ય પુરૂં થઈ ચૂક્યું છે. સફાઈ, ફિનિશિંગ અને ફલોરિંગ જેવાં કામ ૩૦ ઓક્ટોબર સુધીમાં પૂરાં થઈ જશે. રામ મંદિર અને પરકોટાની મધ્યમાં ટાઈલ્સનું કામ પૂરું થઈ ગયું છે, પરંતુ કોરિડોર પાસે જૂતાં-ચંપલઘર બન્યા પછી એનું ફિનિશિંગ કરવામાં આવશે.

આસિયાન બેઠકમાં વડાપ્રધાન મોદીની ગેરહાજરીમાં ટ્રમ્પ એકલા પડી ગયા

મુખ્ય સમાચાર, કવાલાલામ્પુર

વિશ્વભરમાં ટ્રમ્પ-ટેરીફ તથા રશિયા-યુક્રેન વચ્ચેના વધુ આક્રમક બનતા જતા યુદ્ધ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દક્ષિણ પુર્વ એશિયન રાષ્ટોના સંગઠન 'આસીયાન'માં ભાગ લેવા કવાલાલા-મ્પુર પહોંચ્યા પણ તેઓ જે અપેક્ષા રાખતા હતા તે રીતે આ શિખર સમેલન હોટ-ટોપીક બની રહ્યું નથી.

ટ્રમ્પનું વિમાની મથકે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહીમે રેડ કાર્પેટ સ્વાગત કર્યુ તેઓ ૨૦૧૭ બાદ પ્રથમ વખત આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે અને એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવા ખાસ અહીના સ્થાનિક ડાન્સ ટીમ હાજર હતી અને ટ્રમ્પે તેમની ખાસ સ્ટાઈલમાં આ ડાન્સરો સાથે ખુદ પણ ડાન્સ કરીને સૌને ખુશ કરી દીધા હતા.

જો કે અહી ટ્રમ્પનો વિરોધ કરનારા પણ પ્લે-કાર્ડ સાથે મોજૂદ હતા. ટ્રમ્પને આ શિખર સંમેલનમાં ત્રણ મોટા દેશોમાં રાષ્ટવડાઓની ગેરહાજરી વચ્ચે સામેલ થવું પડયું હતું. આ સંમેલનમાં ભારત તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર નથી અને તેઓએ વર્ચ્યુઅલ સંબોધન કર્યુ હતું તો ટ્રમ્પ અહી ચીનના રાષ્ટપતિ શી જીનપીંગને મળવા આતુર હતા પણ જીનપીંગ પણ હાજર નથી તો રશિયાના રાષ્ટપતિ વ્લાદીમીર પુટીન પણ પહોંચ્યા નથી.

કેન્દ્ર સરકારની જાહેરાતના ૧૦ માસ બાદ પણ આઠમાં પગાર પંચની રચનામાં વિલંબ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

કેન્દ્ર સરકારની જાહેરાતનાં લગભગ ૧૦ મહિના બાદ પછી પણ આઠમાં પગાર પંચની રચના નથી થઈ શકી. માનવામાં આવે છે કે તેનો લાભ મળવામાં વિલંબ થઈ શકે છે. લાંબી વાટ બાદ હવે કેન્દ્રીય કર્મચારી સંગઠનોએ સરકારને માંગ કરી છે કે પંચની રચનાની સુચના ઝડપથી જાહેર કરવામાં આવે.

બીજી બાજુ હાલમાં જ કેન્દ્ર સરકાર તરફથી સકેત મળ્યા છે કે તે આ દિશામાં ઝડપથી કામ કરી રહી છે. સંભાવના છે કે કેન્દ્ર સરકાર આગામી મહિને જ સુચના જાહેર કરી શકે છે.હાલમાં જ કેન્દ્રીય સચીવાલય સેવા ફોરમે પંચની રચનામાં વિલંબનો

મુદ્દો ઉઠાવ્યો છે.

ફોરમ તરફથી વડાપ્રધાનને લખવામાં આવેલ પત્રમાં કહેવામાં આવ્યુ છે કે સાતમા પગાર પંચ લાગુ થવાની તારીખથી લગભગ બે વર્ષ પુર્વે રચના કરવામાં આવી હતી. આથી પંચને વસ્તુઓનો ઉંડો અભ્યાસ કરવામાં અને ભલામણો કરવા માટે પર્યાપ્ત સમય મળ્યો.

હવે કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને લઈને જાન્યુઆરી ૨૦૨૫ માં સ્વીકૃતિ આપી હતી. પરંતુ હજુ સુધી તેની રચના નથી થઈ શકી, જયારે સાતમા પગાર પંચનો સમયગાળો ઝડપથી (ડિસેમ્બર ૨૦૨૫) પુરી થવા જઈ રહી છે. આવી સ્થિતિમાં આઠમા પગાર પંચનો લાભ પણ કેન્દ્રીય કર્મચારીઓને મળવો જોઈએ. તેના માટે ઝડપથી પંચની રચના કરવી જોઈએ.

જામનગર જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા મેગા નાઈટ ડ્રાઈવ યોજાઈ ખૂદ જિલ્લા પોલીસ વડા મેદાનમાં ઉતર્યા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના જિલ્લા પોલીસવડા ડો. રવિ મોહન સૈનિ,એ ટ્રાફિક ઝુંબેશ તેમજ નાઈટ કોમ્બિંગ કરીને ટ્રાફિક નિયમનનો ભંકારનારાઓ સામે કડક કાર્યવાહી કરાવી રહ્યા છે.

જેના માટે જામનગર શહેર જિલ્લાનું પોલીસ તંત્ર છેલ્લા કેટલાક સમયથી સતત દોડતું રહ્યું છે.જે કવાયતના ભાગરૂપે પણ પોલીસ વિભાગની મેગા ડ્રાઈવ યોજાઈ હતી. જામનગરના એસપી ડો. રવિ મોહન સૈનિ જામનગરના શહેરી વિસ્તારમાં અલગ અલગ પોઇન્ટ પર ફર્યા હતા, અને વાહન ચેકિંગની સમગ્ર કાર્યવાહીનું જાત નિરીક્ષણ કર્યું હતું .જામનગર શહેરના ડીવાયએસપી જે એન ઝાલા, ગ્રામ્ય વિભાગના ડીવાયએસપી આર.બી. દેવધા, ઉપરાંત લાલપુરના આઈપીએસ પ્રતિભા વગેરે અધિકારીઓને સાથે રાખીને નાઈટ કોમ્બિંગ હાથ ધર્યું હતું, તેઓની સાથે એલસીબી ની ટુકડી અને એસ.ઓ.જી ની ટિમ પણ

જોડાઈ હતી, ઉપરાંત અલગ અલગ પોલીસ સ્ટેશન ની ટીમ પણ જુંબેશ માં જોડાઈ હતી, અને શહેર જિલ્લામાં અનેક સ્થળો મોટા વાહન ચેકિંગ કરવામાં આવ્યું હતું. ડ્રાઈ ફિલ્મ વાળી કાર ના ચાલકો સામે દંડકીય કાર્યવાહી હાથ ધરી હતી, અને તેઓની કારમાંથી ડ્રાઈ ફિલ્મને સ્થળ પર જ હટાવી લેવાઇ હતી, સાથો સાથ દંડકીય કાર્યવાહી પણ હાથ ધરાઈ હતી. તે જ રીતે ડ્રિંક એન ડ્રાઈવિંગ લાઇસન્સ વીના વાહન ચલાવવું, મોટ્રીફાઇડ સાઈલેન્સર, સહિતના ટ્રાફિક નિયમન અંગેના અને કેસો કરવામાં આવ્યા હતા.

કેટલાક વાહનચાલકો દારૂનો નશો કરેલી હાલતમાં અને પોતાની કારમાં દારૂ રાખીને નીકળેલા મળી આવ્યા હોવાથી તેઓ સામે અલગથી કાર્યવાહી કરવામાં આવી હતી.

જેમાં જી.પી.એક્ટ ૧૩૫ હેઠળના ૪ કેસ કરવામાં આવ્યા હતા, જ્યારે એમ.વી. એકટ ૧૮૫ હેઠળ ૬ કેસ કરાયા હતા. ઉપરાંત એમ.વી. એકટ કલમ ૨૦૭ હેઠળ ત્રણ વાહનો ડીટેઈન કરાયા હતા. પ્રોહીબિશનના ૧૫ કેસ કરવામાં આવ્યા હતા, તેમજ એમ.વી. એકટ હેઠળ ૩૮ એન.સી. કેસ કરવામાં આવ્યા હતા, અને તે અનુસાર રૂપિયા ૪૪,૪૦૦ નો હાજર દંડ વસુલ કરવામાં આવ્યો હતો. સમગ્ર નાઈટ પેટ્રોલિંગ દરમિયાન કુલ ૧૦૦૭ વાહનો ચેક કરવામાં આવ્યા હતા, જ્યારે ૮૩ હોટલ, રેસ્ટોરન્ટ, ધાબા વગેરેમાં ચેકિંગ કરાયું હતું. ૧૫ ફાર્મ હાઉસ ચેક કરાયા હતા.

૧૦૧ જેટલી વ્હાઇટલ ઇન્સ્ટોલેશનલ જાહેર જગ્યાઓ ચેક કરવામાં આવી હતી, અને કુલ ૧૧૬ શકમંદોને પણ ચકાસવામાં આવ્યા હતા. ઉપરાંત લિસ્ટેડ બુટલેગર જાણીતા જુગારી હિસ્ટ્રીસિટર, એમસીઆર વગેરે મળી કુલ ૯૮ લોકોને ચકાસવામાં આવ્યા હતા.

સાથોસાથ પાંચ લેન્ટિંગ પોઇન્ટ, અને ૨૨૬ જેટલા પેટ્રોલ પંપ, એટીએમ, અને ધાર્મિક સ્થળ વગેરેને ચેક કરવામાં આવ્યા હતા. ૪૨ જેટલા મજૂરોને ચેક કરી લેવાયા હતા, તેમજ ૭ જેટલી બંદર જેટી વગેરે સ્થળે પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

મોરબીઃ જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં પરમ પૂજ્ય સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે તા. ૨૮ ઓક્ટોબરે જલારામ જયંતિ શોભાયાત્રા સમિતિ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના રાજમાર્ગો પર શોભાયાત્રા દરમિયાન નાસિક ઢોલ, રથ તથા લાઈવ પર્ફોર્મન્સ જેવા આકર્ષણો જોવા મળશે.

મોરબી શહેરમાં પરમ પૂજ્ય સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિ નિમિતે તા. ૨૮ ઓક્ટોબર ૨૦૨૫, બુધવારના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી જલારામ જયંતિ શોભાયાત્રા સમિતિ-મોરબી હેઠળ આ શોભાયાત્રાનું આયોજન બપોરે ૨૩૦ કલાકે શહેરના શ્રી દરિયાલાલ પ્રભુજીના મંદિરથી પ્રસ્થાન કરશે. શોભાયાત્રા શહેરના નહેરુ ગેટ ચોક, શાક માર્કેટ, ગાંધીચોક, વસંત પ્લોટ, સ્વાપર રોડ, બાપા સીતારામ ચોક, નવા બસસ્ટેન્ડ, સરદાર બાગ અને અયોધ્યા પુરી રોડ જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થશે. દરેક સ્થળે પૂજ્ય બાપાનું પૂજન અને શોભાયાત્રાનું હાર્દિક સ્વાગત કરવામાં આવશે. બાપા સિતારામ ચોક ખાતે સુપ્રસિદ્ધ કલાકારોના લાઈવ પર્ફોર્મન્સ સાથે બનારસી મહાઆરતી યોજાશે, જ્યારે સરદાર બાગ ખાતે વૃદ્ધાશ્રમના વડીલો દ્વારા આરતીનું આયોજન કરવામાં આવશે. શોભાયાત્રા દરમિયાન નાસિક ઢોલ, પૂ. જલારામ બાપાનો રથ, ડી.જે., બાળકો દ્વારા ધાર્મિક પાત્રો જેવા કે રામ દરબાર, શિવ દરબાર, પૂ. જલારામ બાપા અને વીરબાઈ માઁ ના વેશ સાથે ઉપસ્થિત રહેતા આ પ્રસંગનું મુખ્ય આકર્ષણ બનશે.

શહેરના નગર દરવાજા ચોક તેમજ નવા બસ સ્ટેશન ખાતે ભવ્ય આતશબાજીનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શ્રી જલારામ શોભાયાત્રા સમિતિ દ્વારા શહેરના રઘુવંશીઓના ઘરોમાંથી એકત્ર કરાયેલા રોટલાનો પૂ. વીરબાઈ માંના રથ મારફતે પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે. શ્રી જલારામ જયંતિ શોભાયાત્રા સમિતિ-મોરબી તરફથી શહેરના તમામ રઘુવંશીઓને તથા ધર્મપ્રેમી જનતાને સહપરિવાર ઉપસ્થિત રહી આ પવિત્ર શોભાયાત્રામાં જોડાઈ પૂ. બાપાના આશીર્વાદ મેળવવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

યુવાનનો આર્થિક સકળામણના કારણે ગળાફાંસા દ્વારા આપઘાત

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૫ના છેડે વિસ્તારમાં રહેતા રાજેશ કુમાર તુલસીભાઈ પરમાર નામના ૨૮ વર્ષના યુવાને પોતાના ઘેર પંખાના હુકમાં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ કિશન તુલસીભાઈ પરમારે પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતક યુવાન રાજેશના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક યુવાન છેલ્લા કેટલાક સમયથી આર્થિક તંગી અનુભવી રહ્યો હતો, અને આર્થિક સંકળામણના કારણે તેણે આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

જામનગરમાં બાળકી સાથે શારીરિક અડપલાં કરનાર વૃદ્ધ ઝડપાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર સિટી 'એ' પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૭૪, ૭૫(૨) તથા પોક્સો એક્ટની કલમ ૮, ૧૨ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનામાં ફરિયાદીની ૪ વર્ષ ૨ માસની પુત્રી ભોગ બની હતી.અજાણ્યા વૃદ્ધે બાળકીને રમાડવાના બહાને અડપલા કર્યા હતા. તેમજ ખોળામાં બેસાડી જાતીય સતામણી કરી હતી. ત્યાર-બાદ આરોપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.પોલીસની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળના તેમજ કમાન્ડ કંટ્રોલના સી.સી.ટી.વી. ફૂટેજ

તપાસ્યા હતા. સી.સી.ટી.વી. ફૂટેજમાં એક વૃદ્ધ જોવા મળ્યો હતો. આ વર્ણનવાળા માણસની શોધમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ શરૂ કરાયું હતું.બ્યુમન રિસોર્સના આધારે સર્વેલન્સ સ્ટાફના પોલીસ હેડ કોન્સ્ટેબલ યોગેન્દ્રસિંહ નીરુભા સોઢા અને વિપુલભાઈ જગદીશભાઈ સોનગરાને માહિતી મળી હતી કે, ઉપરોક્ત વર્ણનવાળો આરોપી જામનગર હાપા માર્કેટિંગ યાર્ડ પાસેથી પસાર થવાનો છે. આ માહિતીના આધારે લોચ ગોઠવી, ઉપરોક્ત વર્ણનવાળા ઇસમને પકડી પાડવામાં આવ્યો હતો.પૂછપરછ કરતાં આરોપીનું નામ પ્રકાશદાન ઈશ્વરદાન દેવકા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ ગુનાના આરોપીને પકડી પાડી પોક્સોનો વણશોધાયેલો ગુનો ડિટેક્ટ કર્યો છે. હાલ આરોપીની વધુ તપાસ ચાલુ છે.

જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં પાડોશી પરિવારે મહિલાને માર માર્યો ચાર સામે ફરિયાદ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, અને એક મહિલા પર પાડોશમાં રહેતા એક મહિલા સહિતના ૪ શખ્સોએ હુમલો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

જામનગરમાં ગોકુલ નગર નજીક ખોડિયાર નગરમાં રહેતી નીતાબેન લખમણભાઈ બાંભણિયા નામને ૩૦ વર્ષની પરણિતાએ પોતાના ઉપર હુમલો કરવા અંગે પાડોશમાં રહેતા ઉપાબા દિગુભા જોડા, વિજયસિંહ ચંદુભા જાડેજા, ચંદુભા ધીરૂભા જાડેજા અને ભરતસિંહ ચંદુભા જાડેજા સામે ફરિયાદ નોંધાવી છે.ઇજાગ્રસ્ત મહિલાને માથામાં ઘોકો લાગ્યો હોવાથી લોહી નીતરતી હાલતના સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાઈ હતી, અને તેણીને પ્રાથમિક સારવાર આપવી પડી છે.

જામનગર શહેરમાં ફુટપાથ રહેતા લોકોને રેઈન બસેરામાં આશરો અપાવતી પોલીસ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેરમાં ફુટપાથ ઉપર તેમજ જાહેર રોડ રસ્તામાં એકલવાયુ જીવન જીવતા ભીક્ષુકો તેમજ રખડતા ભટકતા માણસો તથા બાળકો તેમજ નિરાધાર વૃધ્ધોને સરકારની રેઈન બસેરા યોજના અંતર્ગત આવરી લેવા એસપી ડો.રવિ મોહન સૈનની સુચનાથી સીટી એ ડિવિઝન પોલીસે ગતરાત્રિના બાળકો સહિતના નિરાધારોને રેઈન બસેરા ખાતે મોકલીને તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી.સીટી એ ડિવિઝનના પીઆઈ નિકુંજસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ ગતરાત્રિના સર્વેલન્સ સ્ટાફ નાઈટ દરમ્યાન જાહેર રોડ રસ્તામાં એકલવાયુ જીવન જીવતા ભીક્ષુકો તેમજ રખડતા ભટકતા

માણસો તથા બાળકો અને નિરાધાર વૃધ્ધોને શોધવા માટે પેટ્રોલીંગ કરતા હતા.આ દરમિયાન શહેરના ભીડભંજન મહાદેવના મંદિરના ઓટલા ઉપર દ્ બાળકો તેમજ તેમના માતા-પિતા મળી કુલ ૮ નીરાધાર વ્યક્તિઓ સુતા હતા.તેઓની મુલાકાત કરી તેઓને સમજાવી તેઓના સર સામાન સાથે ગાડીની વ્યવસ્થા કરાવીને સરકારની યોજના અંતર્ગત રેઈન બસેરા ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં રહેવા, જમવાની વ્યવસ્થા પણ કરી આપી હતી. હાલ આ પરિવાર રેઈન બસેરા ખાતે રહે છે.

જામનગર સાયબર ક્રાઈમે ઓનલાઈન આર્થિક ઠગાઈના એક આરોપીને ઝડપી પાડ્યો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર સાયબર ક્રાઈમે ઓનલાઈન આર્થિક ઠગાઈના એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ આરોપી વેપારી પાસેથી નાણાં પડાવવા અને મની લોન્ડરિંગ તેમજ ED કેસમાં ફસાવવાની ધમકી આપતો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી દર્શીત કિશોરભાઈ કાગડા રહે. જામનગર.એ તેના સાગરિતો સાથે મળી એક વેપારીની 'પ્રગતિ એન્ટરપ્રાઇઝ' નામની પેઢીના એક્સિસ બેંક ખાતાની વિગતો મેળવી હતી. આ ખાતું મહારાષ્ટ્ર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા NCCRP અરજીના કારણે ફ્રીઝ કરવામાં આવ્યું હતું, જેમાં આશરે રૂ૧.૪૪ કરોડ જમા હતા.આરોપીએ વર્ચ્યુઅલ નંબર.+૪૪૭૫૯૮૮૧૧૧૧૦૮ પરથી વેપારીને ફોન કર્યો હતો અને પોતાનું નામ દર્શીત કાગડા જણાવી ખાતું અનફ્રીઝ કરાવવાની લાલચ આપી હતી. તેણે અલગ-અલગ વ્યક્તિઓ સાથેના સંબંધોની ખોટી ઓળખો આપી વોટ્સએપ પર વાતચીત કરી ઠગાઈનો પ્રયાસ કર્યો હતો.

જ્યારે વેપારી તેની વાતોમાં ન આવ્યા, ત્યારે આરોપીએ તેમને મની લોન્ડરિંગ અને EDના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી બળજબરીપૂર્વક નાણાં પડાવવાનો પ્રયાસ કર્યો હતો.આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૦૮(૬), ૩૧૮(૪), ૬૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ ૬૬(સી), ૬૬(ડી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પી.આઈ.એ. પાસુરાની ટીમે કુલદિપસિંહ જાડેજા, પ્રણવભાઈ વસરા અને રાજેશભાઈ કરમુર દ્વારા ટેકનિકલ એનાલિસિસ અને બ્યુમન સોર્સિસથી માહિતી એકત્રિત કરી આરોપી દર્શીત કાગડાને જામનગરથી પકડી પાડ્યો છે.

પત્નીએ દારૂ પીવા માટે પૈસા ન આપતા પતિએ ઝેર ગટગટાવ્યું

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર કાલાવડ તાલુકાના ગુંદા ગામમાં શ્રમિક યુવાનને દારૂ પીવાની ટેવ હોય અને પત્નીએ દારૂ પીવા માટે પૈસા ન આપતા મનમાં લાગી આવતા ઝેરી દવા પીને આત્મહત્યા કરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.કાલાવડના ગુંદા ગામમાં ઈરફાનભાઈ મુસાભાઈ નામના ખેડૂતની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની પ્રેમભાઈ ઉર્ફે બીટુભાઈ રમેશભાઈ નેહડા ઉ.વ.૩૫ નામના પરપ્રાંતિય શ્રમિક યુવાને પોતાની વાડીમાં પાકમાં છાંટવાની ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે રાજકોટ ની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા બાદ ગઈકાલે તેનું મૃત્યુ નીપજ્યું છે.બનાવ અંગે મૃતકની પત્ની હીનાબેન પ્રેમભાઈ મેહડાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્યના પોલીસ હેડ કોન્સ્ટેબલ જી આર ચાવડાએ પરપ્રાંતિય શ્રમિક યુવાનના મૃતદેહનો કબજો સંભાળી પીએમ માટે મોકલી દીધો હતો.પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક યુવાન પોતે દારૂ પીવાની ટેવ વાળો હતો, અને પોતાની પત્ની પાસે દારૂ પીવા માટેના પૈસા માંગતાં પત્નીએ પૈસા આપ્યા ન હોવાથી મનમાં લાગી આવ્યું હતું, અને આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે. શ્રમિક યુવાનના મૃતદેહને પોતાના વતનમાં લઈ જવાની તજવીજ હાથ ધરાઈ છે.

ગીર ગઢડાના જુના ઉગલા ગામે વાસ્મોનું કામમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ

૨૦૨૨માં થયેલા કામમાં ગીરનીતિ થયા આક્ષેપ થતા નવી ગ્રામ પંચાયત આવતા રજૂઆત જિલ્લા કલેકટરને કરી

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ – અબ્દુલ પઠાણ

ગીર ગઢડા તાલુકાના જુના ઉગલા ગામે વાસ્મો યોજના નું કામ પૂર્ણ થયું એના ૩વર્ષ થઇ ગયા પણ જૂની ગ્રામ પંચાયત દ્વારા લાખો રૂપિયાનો ભ્રસ્ટાચાર કરી ને વાસ્મો મા ખરાબ રીતે વિકાસના કામો કર્યા પણ હાલ ની નવી ગ્રામપંચાયત ના સરપંચ જયાબેન નશીભાઈ ડાંગોદરા દ્વારા મુખ્યમંત્રી તથા કલેકટર વગેરે જેવા અધિકારી ને લેખિત મા ગ્રામ પંચાયત દ્વારા અરજી કરી ને તપાસની માગણી કરી હતી અને જે ખરાબ રીતે વાસ્મો મા કામ કરવા મા આવ્યું તે ફરી રીનોવેશન વાસ્મો નું કામ કરવા મા આવે જેથી ગ્રામ જનો સુવી નળ સે જળ પોસી શકે અને રાહત નો શ્વાસ લઈ શકે તો હવે જોવાનું રહીયુ કે આ બાબતે કોઈ પગલા લેવમાં આવશે કે કેમ તે એક ચર્ચા નો વિસય બન્યો છે.. જૂની ગ્રામ પંચાયત દ્વારા જે અનેક કામો થયા છે જેમાં ક્યાં તે ક્યાંક ભ્રષ્ટાચાર થયો છે તેવા આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે જૂની ગ્રામ પંચાયત દ્વારા વિકાસ તો કર્યો છે પણ તે પોતાનો કર્યો હોય તેવા

પણ ગ્રામજનો આક્ષેપ થઈ રહ્યા છે જેથી આ કામની તટસ્થ તપાસ થાય તેવી ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા કલેકટર રજૂઆત કરી છે

જામનગર-લાલપુર રોડ પર ચેલા પાસે રોંગ સાઈડમાં આવતા કાળમુખા ટ્રક ચાલકે મોટર સાયકલને અડફેટે લેતાં કાકા-ભત્રીજાના કરુણ મોત

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર-લાલપુર રોડ પર ચેલા પાસે રોંગ સાઈડમાં આવતા કાળમુખા ટ્રક ચાલકે મોટર સાયકલને અડફેટે લેતાં કાકા-ભત્રીજાના કરુણ મોત નિપજતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી છે.ગંગા ગામમાં જુની પંચાયતની બાજુમાં રહેતા ચંદુભા માનસંગજી કેર ઉ.વ.૫૦ આશરે અને તેમના ભત્રીજા રાજદીપસિંહ કેર ઉ.વ.૩૫ આશરે નામના કાકા-ભત્રીજા ગત તા.૨૧ના રોજ રાત્રીના નવેક વાગ્યે મોટર સાયકલ લઈને દરેડથી પોતાના ઘરે જતા હતા. આ દરમિયાન ચેલા રોડ પર રામદેવપીરના મંદીરની પાસે રોડ પરથી પસાર થતા હતા.

ત્યારે સામેથી રોંગ સાઈડમાં આવતા ટ્રક ચાલકે નશો કરેલ હોય, અને બેફીકરાઈથી ટ્રક ચલાવીને મોટર સાયકલને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાકા-ભત્રીજાના કરુણ મોત નિપજતાં પરિવારોમાં શોક વ્યાપી ગયો છે. બનાવ અંગેની જાણ થતાં પીએસઆઈ એચ.વી.રોયલા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.પોલીસે કાકા-ભત્રીજાના મૃતદેહોના કબજા સંભાળીને પીએમ માટે મોકલી દીધા હતા. હરદીપસિંહ ચંદુભા કેરની ફરિયાદ પરથી ટ્રક ચાલક સામે પોલીસે ગુનો નોંધીને ધરપકડ કર્યો છે. ટ્રક ચાલકે કેફી પ્રવાહી પીધેલ હોવાનો પણ ગુનો નોંધ્યો છે.

મોરબીના વાવડી રોડ ઉપરથી દારૂની કુલ બે બોટલ સાથે બે ઈસમ પકડાયા, બે સપ્લાયરના નામ ખુલ્યા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના વાવડી રોડ પર ગાયત્રીનગર વિસ્તારમાં સીટી એ ડિવિઝન પોલીસે અલગ અલગ દરોડામાં બે ઈસમોને બે બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી પાડ્યા છે. પકડાયેલાઓની પૂછપરછમાં દારૂ સપ્લાય કરનાર બે સપ્લાયરના નામ ખુલ્યા છે. આ સાથે પોલીસે ચારેય આરોપીઓ સામે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ વાવડી રોડ ઉપર પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ગાયત્રીનગર સોસાયટીમાં રોડ ઉપર અલગ અલગ બે દરોડામાં શંકાસ્પદ રીતે ઉભેલા આરોપી રવિભાઈ જયંતીભાઈ ચૌહાણ ઉવ.૩૨ રહે. વાવડી રોડ ગાયત્રીનગર શ્રધ્ધાપાર્ક મૂળરહે.-નાની બરાર તા.માળીયા(મી) વાળાને તથા બીજા દરોડામાં ઉપરોક્ત સ્થળેથી જ આરોપી ચંદ્રેશભાઈ છગનભાઈ પરમાર ઉવ.૪૩ રહે. પંચાસર રોડ રાધેક્રિષ્ના સોસાયટી મોરબી વાળાને વિદેશી દારૂ રોયલ ચેલેન્જ અને ઓફિસર ચોઈસ વિસ્કીની એક-એક બોટલ એમ કુલ બે બોટલ કિ.રૂ.૧,૧૯૧/- સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પકડાયેલ બન્ને આરોપીઓની સઘન પૂછતાછમાં દારૂની બોટલ આરોપી મહમદભાઈ યુસુફભાઈ તલાટ રહે. મોરબી પંચાસર રોડ વાળા ટેનજ આરોપી તુલશી હસમુખભાઈ સંખેશરીયા રહે.પંચાસર રોડ વાળા પાસેથી લઈ આવ્યાનું જણાવતા, પોલીસે કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના પાડા પુલ પરથી ઝંપલાવનાર બન્ને યુવકોના ૩૩ કલાક બાદ મૃતદેહ મળ્યા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરમાં મચ્છુ નદીના પાડા પુલ પરથી ઝંપલાવનાર બે યુવકોના મૃતદેહો આશરે ૩૩ કલાકની સતત શોધખોળ બાદ મળી આવ્યા છે. મોરબી, રાજકોટ તથા એસડીઆરએફની સંયુક્ત ટીમોએ ત્રણ બોટની મદદથી દિવસ-રાત શોધખોળ ચાલુ રાખી હતી. અંતે રાત્રીના બાર વાગ્યા બાદ બન્નેના મૃતદેહો મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોરબી શહેરના પાડા પુલ ઉપરથી તા. ૨૪ ઓક્ટોબરના રોજ બપોરે આશરે ૩.૩૦ કલાકે બે યુવકોએ અચાનક નદીમાં ઝંપલાવ્યું હતું. ઘટનાની જાણ થતા તાત્કાલિક મોરબી ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બાદમાં રાજકોટ ફાયર વિભાગ તથા એસડીઆરએફની ટીમોને પણ બોલાવવામાં આવી હતી. કુલ મળીને ૨૨થી વધુ જવાનો, ત્રણ બોટ તથા રેસ્ક્યુ સાધનોની મદદથી સતત ૩૩ કલાક સુધી નદીમાં શોધખોળ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આખરે તા. ૨૫ ઓક્ટોબરની રાત્રીના આશરે ૧૨ વાગ્યા બાદ બંને યુવકોના મૃતદેહો મળી આવ્યા હતા. મૃતક તરીકે હર્ષદ બળદેવભાઈ પારઘી ઉવ.૨૦ રહે. વવાણીયા અને અનિલ કનુભાઈ ભંખોડીયા ઉવ.૨૭ રહે. વીસીપરા મોરબી તરીકે ઓળખ થઈ હતી. ફાયર બ્રિગેડ ટીમોએ મૃતદેહોને નદીમાંથી બહાર કાઢી મોરબી પોલીસના હવાલે કર્યા હતા. જે બાદ બંને મૃતદેહોને કાયદેસરની કાર્યવાહી માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

યાર્ડમાં લાભપાંચમનું મુહૂર્ત કરાયું: મગફળીનાં રૂ.૧૧૫૨નાં ભાવ બોલાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં દિવાળી મિની વેકેશન બાદ આજે સોમવારે શુભ મુહૂર્તમાં રાજકોટ માર્કેટિંગ યાર્ડ ફરી ધમધમતું થયું છે. આજના શુભ દિવસે ખેડૂતો તેમજ વેપારીઓએ મગફળી, કપાસ સહિત અન્ય ખરીફ પાકોની જણસની હરરાજીનું મુહૂર્ત કર્યું હતું. આજના દિવસે સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં પોતાના પાક લઈને યાર્ડ ખાતે ઉમટી પડ્યા હતા, જેના કારણે યાર્ડમાં મગફળી અને કપાસની આવકોમાં મોટો વધારો જોવા મળ્યો છે. જોકે, મુહૂર્તના પ્રથમ સોદામાં જ મગફળી ટેકા કરતા ઓછા ભાવ મળતા ખેડૂતોમાં ભારે નિરાશા જોવા મળી હતી. જેને લઈને યાર્ડના ચેરમેન જયેશ બોધરાએ આશ્વાસન આપ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં મુહૂર્તની પ્રથમ હરરાજીમાં મગફળીના ભાવ પ્રતિ મણ (૨૦ કિલો) ના રૂ. ૧૧૫૨ બોલાયા હતા. આ ભાવ ગયા વર્ષના મુહૂર્તના ભાવ કરતાં થોડા વધારે હોવા છતાં, હાલમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા ટેકાના ભાવની સરખામણીમાં ઘણા ઓછા છે. ખેડૂતોને હાલમાં બજારમાં સરેરાશ મગફળીના ભાવ પ્રતિ મણ રૂ. ૯૦૦થી લઈને રૂ.૧૧૫૦ સુધી જ મળી રહ્યા છે.

છકડા રીક્ષા પલ્ટી ખાઈ જતા ચાલકનું મોત

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર બ્રોલ નજીક જામનગર-રાજકોટ હાઈવે પર લૈયારા ગામ પાસે છકડો રીક્ષાની આડે ગાય ઉતરતા તેને બચાવવા જતાં રીક્ષા પલ્ટી ખાઈ જતાં ચાલકને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવારમાં મોત નિપજ્યાનું પોલીસમાં જાહેર થયું છે.બ્રોલના ગાયત્રીનગરમાં રહેતા સુરેશભાઈ ભટુકભાઈ રાઠોડ ઉ.વ.૩૪.નામના યુવાન છકડો રીક્ષામાં શાકભાજી અને ફ્રુટ ભરીને આજુબાજુના ગામોમાં ફેરી કરતા હતા.

ફ્રુટ અને શાકભાજીનું વેચાણ કરીને પરત ઘરે આવતા હતા અને તેઓ લૈયારા ગામથી બ્રોલ તરફ આવતા હોય અને અચાનક ગાય આડી ઉતરતા તેમને બચાવવા બ્રેક મારતા છકડો રીક્ષા પલ્ટી ખાઈ ગયો હતો.યુવાનને પેટમાં, કમરના ભાગકના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે રમેશભાઈ ભટુકભાઈ રાઠોડએ પોલીસમાં જાહેર કર્યું છે.

મોરબીના વાવડી રોડ ઉપરથી દારૂની કુલ બે બોટલ સાથે બે ઈસમ પકડાયા, બે સપ્લાયરના નામ ખુલ્યા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના વાવડી રોડ પર ગાયત્રીનગર વિસ્તારમાં સીટી એ ડિવિઝન પોલીસે અલગ અલગ દરોડામાં બે ઈસમોને બે બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી પાડ્યા છે. પકડાયેલાઓની પૂછપરછમાં દારૂ સપ્લાય કરનાર બે સપ્લાયરના નામ ખુલ્યા છે. આ સાથે પોલીસે ચારેય આરોપીઓ સામે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ વાવડી રોડ ઉપર પેટ્રોલ

રાજકોટને દિલ્હીની સવારે અને સાંજે બે નવી એર કનેક્ટિવિટી મળતા રોજ ચાર ફ્લાઈટ ઉડાન ભરશે

મુખ્ય સમાચાર, રાજકોટ

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયા આજથી રાજકોટ દિલ્હી વચ્ચે શરુ થયેલી નવી ફ્લાઈટમાં યાત્રા કરી રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચતાં મેયર નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના મહાનુભાવોએ પુષ્પગુચ્છ આપી મંત્રીનું સ્વાગત કર્યું હતું.

મંત્રી માંડવીયાએ આ તકે હર્ષની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રાજકોટ અને દિલ્હી વચ્ચે સવારે બે અને સાંજે બે એમ કુલ મળીને ચાર ફ્લાઈટની કનેક્ટિવિટી મળતા રાજકોટ અને સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગ અને પ્રવાસન ઉદ્યોગને મોટો લાભ થશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ સૌરાષ્ટ્રનું વેપાર ઉદ્યોગનું કેન્દ્ર છે. રાજકોટના વેપાર ઉદ્યોગ સાથે સંકળાયેલા દેશ વિદેશના ઉદ્યોગકારોને દિલ્હીથી રાજકોટની ફ્લાઈટની વધુ સુવિધા પ્રાપ્ત થતાં ઉદ્યોગકારોને લાભ થશે.

સાથોસાથ રાજકોટ સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં હોવાથી યાત્રાધામ સોમનાથ, દ્વારકા સહિતના ધાર્મિક સ્થળો તેમજ પોરબંદર આવતા ઉત્તર ભારતના યાત્રિકોની સુખાકારીમાં વધારો થતા પ્રવાસન ક્ષેત્રે પણ મોટો લાભ મળશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

આ તકે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવે ભારત સરકારનો આભાર માનતાં જણાવ્યું હતું કે, લાભ પાંચમના દિવસે રાજકોટ દિલ્હીને જોડતી નવી ચાર ફ્લાઈટ મળતાં રાજકોટ સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરશે.

આ તકે અગ્રણીઓ સર્વે માધવભાઈ દવે, વીરેન્દ્ર સિંહ ઝાલા, હંસરાજભાઈ ગજેરા, તેજસભાઈ ભટ્ટી, અમૃતભાઈ ગઢિયા, નૌતમભાઈ બારસીયા સહિતના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં.

રાજકોટઃ -વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેનોમાં ૨૭ ઓક્ટોબરથી વધારાના જનરલ કોચની સુવિધા

મુખ્ય સમાચાર, રાજકોટ

યાત્રીઓની સુવિધા અને માગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ-વેરાવળ-રાજકોટ દૈનિક લોકલ ટ્રેનોમાં એક વધારાનો જનરલ કોચ કાયમી ધોરણે જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સુવિધા ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ થી અમલમાં આવશે.

આ અંતર્ગત ટ્રેન નંબર ૫૪૨૨૩ રાજકોટ-વેરાવળ અને ટ્રેન નંબર ૫૯૪૨૪ વેરાવળ--રાજકોટ દૈનિક લોકલ ટ્રેનોમાં એક વધારાનો સામાન્ય કોચ કાયમી ધોરણે જોડવામાં આવશે.

આ પહેલથી યાત્રીઓને વધુ સગવડતાપૂર્ણ મુસાફરીનો અનુભવ પ્રાપ્ત થશે, સાથે જ ભીડના દબાણમાં પણ ઘટાડો થશે.

યાત્રીગણ ટ્રેનના સ્ટોપેજ, સ્થના અને સમય-પત્રક સંબંધિત વિસ્તૃત જાણકારી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરી શકે છે.

સમગ્ર દેશમાં સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવા નિયુક્ત થયેલા ૫૧,૦૦૦ થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું

દેશભરમાં ૪૦ સ્થળોએ યોજાયેલા રોજગાર મેળામાં વડાપ્રધાનનું વર્ચ્યુઅલ સંબોધન - રાજકોટના ૧૦૦ ઉમેદવારોને નોકરીના નિમણૂક પત્રો અપાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

દેશભરમાં વિવિધ સ્થળો યોજાયેલા ૪૦ રોજગાર મેળાઓમાં સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવા નિયુક્ત થયેલા ૫૧,૦૦૦ થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સ્પેશિયલ વી.ડીયો સંદેશ દ્વારા સંબોધન પણ કર્યું હતું.

આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા, સંસદ સભ્યો પરશોતમભાઈ રૂપાલા અને રામભાઈ મોકરિયા, એડી. ડીવીઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે, અગ્રણી ડો. માધવ દવે વગેરેએ નવા ભરતી થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું, જેમાં રાજકોટ ખાતે કુલ ૧૦૦ ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાંથી ૪૦ ઉમેદવારો ટપાલ વિભાગના અને ૬૦ ઉમેદવારો અન્ય વિભાગના છે.

દેશભરમાં ૪૦ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ મંત્રાલયો અને વિભાગો જેમ કે પોસ્ટ વિભાગ, રેલ્વે મંત્રાલય, ગૃહ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ વગેરેમાં નવી ભરતી દ્વારા જે ઉમેદવારો કેન્દ્ર સરકારમાં જોડાયા છે, તેમને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

રાજકોટ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ ઓફિસ, રાજકોટ રીજીયન, રાજકોટ દ્વારા ડો. એસ શિવરામ, ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીસ, રાજકોટ રીજીયન, રાજકોટના નેતૃત્વમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવા નિયુક્ત થયેલા ઉમેદવારોને કર્મયોગી પોર્ટલ પરના ઓનલાઈન મોડ્યુલ 'કર્મયોગી પ્રારંભ' દ્વારા તાલીમ આપવામાં આવશે, જ્યાં 'ગમે ત્યાં કોઈ પણ ઉપકરણ' શિક્ષણ માટે ૩૬૦૦ થી વધુ ઈ-લર્નિંગ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ નવા નિયુક્ત થયેલા ઉમેદવારોને મજબૂત પાયાની તાલીમ પૂરી પાડશે.

રોજગાર મેળો નરેન્દ્ર મોદીની રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. તે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે અર્થપૂર્ણ તકો પ્રદાન કરીને તેમને સશક્ત બનાવશે.

માળીયા(મી)ના કુંભારીયા ગામે ઘરમાં ચાલતા જુગારધામ ઉપર રેઈડ, સાત જુગારી ઝડબે

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે કુંભારીયા ગામે રહેણાક મકાનમાં જુગાર અંગે રેઇડ કરી હતી. જેમાં મકાન માલીક બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી મકાન માલીક સહિત સાત જુગારીઓને રોકડા રૂ.૪૦,૨૦૦/- સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ મથક સર્વેલન્સ ટીમને બાતમી મળેલ કે, જેસીંગભાઈ મહાદેવભાઈ દેગામા રહે.ગામ કુંભારીયા વાળો પોતાના કબ્જા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજીપતા વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમી રમાડી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે તેવી ચોકકસ હકિકતના આધારે પોલીસે કુંભારીયા ગામે ઉપરોક્ત રહેણાંક મકાનમાં રેઇડ કરતા, બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડતા આરોપી મકાન માલીક જેસીંગભાઈ મહાદેવભાઈ દેગામા રહે.ગામ કુંભારીયા તા.માળીયા(મી), જયંતીભાઇ રામજીભાઇ કૈલા રહે.ગામ કુંભારીયા તા.માળીયા(મી), નાથાભાઇ શંકરભાઇ દેગામા રહે.ગામ કુંભારીયા તા.માળીયા(મી), ત્રિકમજીભાઇ રામજીભાઇ પંચાસરા રહે.ગામ કુંભારીયા તા.માળીયા(મી), ભગવાનજીભાઇ બચુભાઇ ધામેચા રહે.ખાખરેચી તા.માળીયા(મી), કિશોરભાઇ હરજીભાઈ મેવાડા રહે.ખાખરેચી તા.માળીયા(મી) તથા રાજેશભાઇ ગોવિંદભાઇ ધંધાણીયા રહે.ખાખરેચી તા.માળીયા(મી) વાળાને કુલ રોકડા રૂ. ૪૦,૨૦૦/- સહિતના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગાર ધારા હેઠળ ગુન્હો રજી. કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

મોરબીઃ સીલ્વર પાર્ક સોસાયટીના રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૨૪૦ બોટલ સાથે એક પકડાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના જુના ઘુંટુ રોડ સ્થિત સીલ્વર પાર્ક સોસાયટીમાં રહેણાંક મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૨૪૦ બોટલ મળી આવી છે. એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડની સંયુક્ત કામગીરી દરમિયાન એક આરોપીને ઝડપી પડાયો છે, જ્યારે અન્ય એક આરોપી રેઇડ દરમિયાન હાજર નહીં મળી આવતા તેને ફરાર જાહેર કરવામાં આવી તેને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

મોરબી એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન પીએસઆઈ બી.ડી. ભટ્ટ, એ.એસ.આઈ. સુરેશભાઈ હુંબલ, હેડ કોન્સ. શક્તિસિંહ ઝાલા, ભાવેશભાઈ મીયાત્રા તથા કોન્સ. વિક્રમભાઈ કુગસીયાને ખાનગીરાહે માહિતી મળી હતી કે, મોરબીના જુના ઘુંટુ રોડ પર સ્થિત સીલ્વર પાર્ક સોસાયટીમાં અલ્પેશભાઈ રમેશભાઈ કોળી તથા તેનો ભાગીદાર રવિભાઈ રમેશભાઈ કોળી પોતાના કબજાના મકાનમાં ગેરકાયદે ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. આ હકીકતના આધારે એલસીબી ટીમે તાત્કાલિક રેઇડ કરી હતી. રેઇડ દરમિયાન આરોપી અલ્પેશભાઈ રમેશભાઈ જીંજરીયા હાલ રહે. સીલ્વર પાર્ક સોસાયટી, જુના ઘુંટુ રોડ મોરબી મુળ રહે.જોગડ તા.હળવદ વાળો મળી આવ્યો હતો, જ્યારે સહઆરોપી રવિભાઈ રમેશભાઈ વિંજવાડીયા રહે. જુના ઘુંટુ રોડ સિલ્વર પાર્ક સોસાયટી મોરબી વાળો

રેઇડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.

પોલીસની રેઇડ દરમિયાન મકાનમાંથી અલગ-અલગ બે બ્રાન્ડની કુલ ૨૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ કુલ કિ.રૂ. ૩,૨૧,૬૦૦/- નો મુદ્દામાલ મળી આવ્યો હતો. સ્થળ પરથી મળેલ દારૂના જથ્થા અને આરોપીને કબજે લઈ એલસીબી પોલીસે બન્ને આરોપીઓ વિરૂદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીઃ કચ્છથી ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૨૬ જીવોને ગૌરક્ષકોએ બચાવ્યા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી-રાજકોટ માર્ગ ઉપરથી કતલ માટે લઈ જવાતા ૨૬ જીવોને ગૌરક્ષકોએ પોલીસની મદદથી બચાવ્યા છે. કચ્છથી ભરાયેલ ટ્રક માળીયા મારફતે મોરબી આવી રહ્યો હતો ત્યારે ભરતનગર ગામ પાસે વોચ દરમિયાન ટ્રકને રોકી તપાસ કરતા ભેંસ વર્ગના જીવોને ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મળ્યા હતા. ટ્રકચાલક સહિત બે આરોપીઓ સામે ગુનો નોંધાયો છે.

મોરબીમાં તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ શનિવારના રોજ વહેલી સવારે અખિલ વિશ્વ ગૌસંવર્ધન પરિષદ (દિલ્હી-ગુજરાત), વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, હિન્દુ યુવા વાહિની તેમજ ગૌરક્ષા કચ્છ-મોરબીના કાર્યકરોને ખાનગીરાહે માહિતી મળી હતી કે, જીજે-૧૩-એએક્સ-૬૮૯૧ નંબરનો ટ્રક કચ્છમાંથી માળીયા માર્ગે મોરબી-રાજકોટ તરફ ૨૬ જેટલા ભેંસ વર્ગના પાડા જીવોને કતલખાને લઈ જઈ રહ્યો છે. આ માહિતીના આધારે ગૌરક્ષકોએ મોરબી હાઈવે પર ભરતનગર ગામ નજીક વોચ ગોઠવી હતી. સવારે ટ્રક આવતા જ પોલીસે તથા ગૌરક્ષક ટીમે સંયુક્ત રીતે તેને રોકી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન ટ્રકમાંથી ૨૬ ભેંસ વર્ગના જીવો મળી આવ્યા હતા, જેમને ક્રૂરતાપૂર્વક હલી-ચલી પણ ન શકે તેમ બાંધી દેવામાં આવ્યા હતા. ટ્રક ચાલક સહિત

પકડાયેલ બંને આરોપીઓની પૂછપરછ દરમ્યાન જાણવા મળ્યું કે આ તમામ જીવોને કચ્છમાંથી ભરીને રાજકોટ શહેરમાં હાજી નામના વ્યક્તિના કતલખાને પહોંચાડવાના હતા. પોલીસે અને ગૌરક્ષકોએ સ્થળ પર જ આ જીવોને મુક્ત કરી મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી માટે ખસેડ્યા હતા. બાદમાં તમામ જીવોને મોરબી પાંજરાપોળમાં સુરક્ષિત રીતે રાખવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ટ્રક ડ્રાઈવર અને અન્ય બે વ્યક્તિઓ વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રાણી ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો છે. આ સફળ ઓપરેશનમાં મોરબી તાલુકા પોલીસ ટીમ તેમજ કચ્છ, વિરમગામ, લીંબડી, ચોટીલા અને રાજકોટના ગૌરક્ષક કાર્યકરોનો મહત્વનો ફાળો રહ્યો હતો.

મોરબીઃ કપાસની ટેકાના ભાવે તાત્કાલિક ખરીદી શરૂ કરવા મુખ્યમંત્રીને લેખિત રજુઆત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ એસોસિએશનના જનરલ સેક્રેટરી કે.ડી. બાવરવાએ ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે. તેમણે ટેકાના ભાવે કપાસની તાકાલિક ખરીદી શરૂ કરવા અને નાના ખેડૂતોને રાહત આપવાની માંગણી કરી છે.

મોરબી જીલ્લા સહિત ગુજરાતના ખેડૂતોના હિતમાં ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ એસોસિએશનના જનરલ સેક્રેટરી કે.ડી. બાવરવાએ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે. આ રજુઆતમાં તેમણે જણાવ્યું કે આ વર્ષે ચોમાસામાં પડેલા મોડા વરસાદને કારણે રાજ્યના ખેડૂતોને વિવિધ

પાકોમાં ભારે નુકસાન થયું છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટા ભાગના ખેડૂતો કપાસનું વાવેતર કરતા હોય છે, જે દિવાળી પહેલાં પાકી જાય છે. હાલ ખેડૂતોના ઘરોમાં કપાસ તૈયાર પડેલો છે અને ઘણા નાના, આર્થિક રીતે નબળા ખેડૂતો પોતાના કપાસ વેચવા માટે યાર્ડોમાં આવી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા કપાસના ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે, પરંતુ હજુ સુધી કોઈપણ સ્થળે ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી નથી, જે દુઃખદ બાબત છે. આ પરિસ્થિતિમાં વેપારીઓ ખેડૂતો પાસેથી કપાસ ઓછા ભાવે ખરીદીને નફો કમાઈ રહ્યા છે. જ્યારે ખેડૂતોને યોગ્ય કિંમત મળતી નથી. જેથી ખેડૂતોના હિતમાં તાકાલિક કપાસ ખરીદી કેન્દ્રો નક્કી કરીને ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવે, જેથી ખેડૂતોને આર્થિક રાહત મળી રહે, જો આ બાબતમાં તાકાલિક પગલા નહીં લેવામાં આવે, તો તેઓ ખેડૂતોને સાથે રાખીને ગાંધીચિંધ્યા માર્ગે રજુઆતો કરશે તેમ રજુઆતમાં જણાવવામાં આવ્યું છે.

મોરબીના ચકચારી નિખિલ ધામેચા હત્યા કેસમાં સીબીઆઈને મળ્યા મજબૂત પુરાવા, ટૂંક સમયમાં હત્યારાઓ બેનકાબ થવાની શક્યતા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં વર્ષ ૨૦૧૫માં થયેલ માસૂમ નિખિલ ધામેચા હત્યા કેસમાં નવી હલચલ સર્જાઈ છે. હાઈકોર્ટના આદેશ બાદ તપાસ હાથ ધરનાર સીબીઆઈને હવે મહત્વપૂર્ણ અને મજબૂત પુરાવા હાથ લાગ્યા છે. આ પુરાવાઓના આધારે આવનારા દિવસોમાં હત્યારાઓ બેનકાબ થશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. નિખિલ ધામેચા માત્ર ૧૪ વર્ષનો વિદ્યાર્થી હતો, જેનું અપહરણ થઈ ત્રણ દિવસ પછી રામઘાટ પાસે બાવકામાંથી હત્યા કરાયેલ લાશ મળી આવી હતી. તેના શરીર પર છરીના અસંખ્ય ઘા મારી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. શરૂઆતમાં મોરબી શહેર પોલીસ અને બાદમાં સીઆઈડી ક્રાઈમે તપાસ કરી હતી, પરંતુ કોઈ ઉકેલ ન મળતાં પરિવારજનોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે કેસ સીબીઆઈને સોંપવાનો હુકમ આપ્યો હતો. હવે સીબીઆઈની તપાસમાં મહત્વના તાર જોડાતા પરિવારને ન્યાયની નવી આશા મળી છે. માસૂમ નિખિલ હત્યા કેસમાં દસ વર્ષથી ચાલી રહેલી ન્યાયયાત્રા હવે અંતિમ ચરણમાં પહોંચી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ત્યારે મોરબી શહેરમાં ફરી એકવાર આ ચકચારી કેસ ચર્ચાનો વિષય બન્યો છે.

મોરબીમાં વર્ષ ૨૦૧૫માં સમગ્ર સૌરાષ્ટ્રને હચમચાવી મૂકનાર માસૂમ નિખિલ ધામેચા હત્યા કેસમાં એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. હાઈકોર્ટના આદેશ બાદ તપાસ સંભાળનાર સીબીઆઈ ટીમને તાજેતરમાં કેટલીક મજબૂત કળીઓ અને પુરાવાઓ હાથ લાગ્યા હોવાનું અત્યંત વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ પુરાવાઓના આધારે તપાસની ગતિ વધુ વેગવાન બની છે અને નજીકના દિવસોમાં હત્યારાઓ બેનકાબ થઈ શકે છે એવી ચર્ચા મોરબી શહેરમાં જોર પકડી છે.

હત્યા કેસની સંપૂર્ણ વિગતો મુજબ મોરબીના દરજી કામ કરતા એક સામાન્ય પરિવારમાં જન્મેલો ૧૪ વર્ષનો નિખિલ પરેશભાઈ ધામેચા, તપોવન વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો. તા. ૧૫ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ શાળાએથી છૂટ્યા બાદ તે અચાનક લાપતા થયો હતો. તેની સાર્થક શાળાની નજીકથી મળી આવતાં પોલીસે શરૂઆતમાં અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસને મળેલા પ્રારંભિક પુરાવાઓ મુજબ શાળાનાં એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે નિખિલને અજાણ્યા યુવક સાથે બાઈકમાં જતો જોયો હતો. સીસીટીવી ફૂટેજમાં પણ નિખિલ જેવો બાળક એક્ટિવા પર પાછળ બેસેલો દેખાયો હતો, પરંતુ ચહેરો સ્પષ્ટ ન હોવાથી ઓળખ શક્ય બની નહોતી. અપહરણના ત્રણ દિવસ પછી મોરબીના રામઘાટ નજીક કોથળામાંથી નિખિલનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના શરીર પર છરીના અનેક ઘા મારવામાં આવી હત્યા નિપજાવવામાં આવી હતી. પોલીસે તે સમયની તમામ સંભાવનાઓ તપાસી, પરંતુ આરોપીની ઓળખ થઈ શકી નહોતી. તપાસ મોરબી સીટી એ ડિવિઝન પોલીસથી લઈ સીઆઈડી ક્રાઈમ સુધી પહોંચી હતી, છતાં કોઈ નવો તાર મળી ન શક્યો. જે બાદ મૃતક નિખિલના પરિવારજનોએ ન્યાય માટે સતત પ્રયત્નો કર્યા હતા, આખરે વર્ષ ૨૦૨૪માં નિખિલના પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી, જેમાં તેમણે તપાસ સીબીઆઈને સોંપવાની માંગણી કરી હતી. તે અરજી પર સુનાવણી બાદ તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ હાઈકોર્ટ દ્વારા તપાસ સીબીઆઈને સોંપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ત્યારથી સીબીઆઈની વિશેષ ટીમે કેસની ફાઈલો, અગાઉની તપાસની નોંધો અને ટેકનિકલ પુરાવાઓનું પુનઃ વિશ્લેષણ શરૂ કર્યું હતું. નિખિલ ધામેચાના પિતા દ્વારા અગાઉ મોરબી સ્વામિનારાયણ મંદિરના સ્વામી ઉપર હત્યા કર્યાના આક્ષેપો કરવામાં આવ્યા હતા, ત્યારે સૂત્રો પાસેથી મળેલ માહિતી મુજબ, નિખિલના પિતા દ્વારા લગાવવામાં આવેલ તમામ આરોપોની દિશામાં પણ સીબીઆઈ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ મજબૂત પુરાવા અને સાક્ષીઓ મેળવેલ છે.

હાલ મળતી માહિતી મુજબ સીબીઆઈને કેટલાક મજબૂત પુરાવા, તથા કેટલાક શંકાસ્પદ લોકોના નિવેદનો પરથી મહત્વપૂર્ણ તાર જોડાયા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ તારના આધારે હત્યારાઓની ઓળખ નિશ્ચિતના ભવિષ્યમાં જાહેર થઈ શકે છે. મોરબીમાં વર્ષોથી હત્યાના અનટ્રેકેટ કેસમાં હવે નવી આશાનો કિરણ દેખાયો છે. સીબીઆઈની તપાસ અને નવા પુરાવાઓના આધારે, માસૂમ નિખિલ ધામેચાના હત્યારાઓ બેનકાબ થવા હવે માત્ર થોડો સમય છે તેવુ લોકમુખે ચર્ચાએ જોર પકડ્યું છે.

મોરબી વાવડી ચોકડી નજીકથી કતલખાને લઈ જવાતા પાંચ ગૌવંશને બચાવી લેતા ગૌરક્ષકો, એક આરોપી ઝડપાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના વાવડી ગામ નજીકથી મોરબી અને જામનગરના ગૌરક્ષકો વોચમાં હોય તે દરમિયાન જામનગરથી માળીયા તરફ લઈ જવાતા પાંચ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને હિન્દુ યુવા વાહિનીના ગૌરક્ષકોને મળેલી બાતમીના આધારે ગાડી રોકીને તપાસ કરતા કતલખાને લઈ જવાના ઈરાદે અબોલ પશુઓની હેરફેરી સામે આવી હતી. હાલ પોલીસે એક આરોપીને ઝડપી કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે.

મોરબીના વાવડી ગામ નજીક ગૌરક્ષકોની સરાહનીય કામગીરીથી પાંચ અબોલ ગૌવંશને બચાવી લેવાયા હતા, પ્રાપ્ત માહિતી મુજબ, તા. ૨૬ ઓક્ટોબરના રોજ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ મોરબી, અખિલ વિશ્વ ગૌસંવર્ધન પરિષદ દિલ્હી ગુજરાત તથા હિન્દુ યુવા વાહિની ગૌરક્ષા જામનગરના ગૌરક્ષકોને બાતમી મળી હતી કે જામનગર બાજુથી માળીયા તરફ એક છોટા હાથી વાહન જી.જ. ૧૦- જીજે-૧૦-ટીવી-૩૭૩૨ માં ગૌવંશને ભરીને અંજુયાસર ગામમાં કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા છે, બાતમીને આધારે મોરબીના ગૌરક્ષકોએ પોલીસના સહયોગથી વાવડી ગામ નજીક વોચ ગોઠવી હતી. જે દરમિયાન બાતમી મુજબની ગાડી ત્યાંથી પસાર થતી દેખાતા તેને વાવડી ચોકડી નજીક અટકાવી, વાહનમાં

તપાસ કરતા અંદર પાંચ ગૌવંશ નાના-મોટા વાછડાને ક્રૂરતાપૂર્વક બાંધેલ હાલતમાં મળી આવ્યા હતા. આ ઉપરાંત ગાડીના ચાલક પાસે કોઈ પરમિટ કે કાયદેસર દસ્તાવેજ ન હોવાથી, પૂછપરછ દરમિયાન તેણે સ્વીકાર્યું કે આ જીવોને જામનગરના લાલપુર વિસ્તારમાંથી અંજુયાસર ગામ તરફ કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવી રહ્યા હતા. પોલીસે તાત્કાલિક ગાડી કબજે કરીને આરોપીને ઝડપી લીધો અને તમામ પાંચ ગૌવંશને મુક્ત કરાવી, આ મામલે કાયદેસર ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

મોરબી જીલ્લામાં યમરાજનાં ધામાઃ એક જ દિવસે અપમૃત્યુના પાંચ બનાવો, જીલ્લામાં ચકચાર

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લામાં તહેવારોની ઉજવણી પૂર્ણ થયા બાદ લાભ પાંચમના દિવસે પાંચ અલગ અલગ અપમૃત્યુના બનાવો સામે આવ્યા હતા. પ્રથમ બનાવ મોરબી સીટી બી-ડિવિઝન પોલીસ સ્ટેશન હદમાં નોંધાયો હતો, જ્યાં મચ્છુ નદીના કાંઠે જુના સ્મશાન પાસે આશરે ૪૫થી ૫૦ વર્ષની અજાણી સ્ત્રીનું પાણીમાં પડતાં મોત થયું હોવાનું બહાર આવ્યું છે. ત્યારે તેનો મૃતદેહ સર્જરી સિવિલ હોસ્પિટલમાં લાવતા પોલીસે અ. મોતની નોંધ કરી છે.

અપમૃત્યુનો બીજો બનાવ મોરબી તાલુકાના આંદરણા ગામે દિવસે પાંચ અલગ અલગ અપમૃત્યુના બનાવો સામે આવ્યા હતા. પ્રથમ બનાવ મોરબી સીટી બી-ડિવિઝન પોલીસ સ્ટેશન હદમાં નોંધાયો હતો, જ્યાં મચ્છુ નદીના કાંઠે જુના સ્મશાન પાસે આશરે ૪૫થી ૫૦ વર્ષની અજાણી સ્ત્રીનું પાણીમાં પડતાં મોત થયું હોવાનું બહાર આવ્યું છે. ત્યારે તેનો મૃતદેહ સર્જરી સિવિલ હોસ્પિટલમાં લાવતા પોલીસે અ. મોતની નોંધ કરી છે.

અપમૃત્યુનો બીજો બનાવ મોરબી તાલુકાના આંદરણા ગામે રહેતા રહેણાંક મકાનમાં કોઈ કારણસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તાલુકા પોલીસ સ્ટેશને આ અંગે અ.મોતની નોંધ રજીસ્ટર કરવામાં આવી છે.

જ્યારે ત્રીજો બનાવ પણ તાલુકા વિસ્તારમાં નીંબી માંડલ ગામની સીમમાં આવેલા સેગા સિરામિકની લેબર કોલોનીમાં બન્યો હતો, જ્યાં લખનભાઈ પ્રતાપભાઈ રાવત ઉવ.૨૨ મૂળ મધ્યપ્રદેશ વાળા અકસ્માતે બીજા માળેથી નીચે પડતાં ગંભીર ઈજાઓને કારણે રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોતને ભેટ્યા હતા.

આ ઉપરાંત ચોથો બનાવ વાંકાનેર શહેરમાં સામે આવ્યો હતો, જ્યાં હનીફભાઈ ગનીભાઈ ચોહાણ ઉવ.૩૭ એ પત્ની સાથેના ઘરકંકાસ બાદ ઘરના રૂમમાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જે અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે.

અપમૃત્યુનો પાંચમો બનાવ ટંકારા તાલુકામાં બન્યો હતો, જ્યાં લુઈસભાઈ સીરીલભાઈ વસુનીયા ઉવ.૨૭ રહે. ટંકારા ઈન્દ્રપ્રસ્થ-૩ના ગ્રાઉન્ડ બહાર તા.ટંકારા મુળરહે.બડીધામડી જી.જાંબવા (મધ્યપ્રદેશ) વાળા ટંકારા નજીક ગોકુલધામ ખાતે સાલીગ્રામ સિઝોટ કામ્પલેક્ષમાં બાંધકામનું પ્લાસ્ટર કામ કરતા હતા, ત્યારે દિવાલ ધરાશાયી થતા તેઓ વચ્ચે દબાઈ જતા સ્થળ પર જ મોત થયું હતું. ત્યારે ટંકારા પોલીસે અકસ્માતે મૃત્યુની નોંધ કરી ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner

લુપ્ત થતી પ્રજાતી પ્રાણી પેંગોલીન (કીડીખાઉ) વેંચવા નિકળેલા બે શખ્સો ઝડપાયા

ધનતેરસના દિવસે જામવાડાના જંગલમાંથી પકડી લીધુ હતુ: ૨૨ કરોડમાં વેચવા નિકળનાર બન્ને આરોપીઓ રિમાન્ડ પર

મુખ્ય સમાચાર, રાજકોટ

આંતરરાજય બજારમાં કરોડોની કિંમતમાં વેચાતા લુપ્ત થતી પ્રાણી પેંગોલીન (કીડીખાવ) રાજકોટમાં વેંચવા નિકળેલા ગીર સોમનાથના બે શખસોને એસઓજીની ટીમે ઝડપી લીધા હતા. જે કેસમાં જામવાડા ફોરેસ્ટને સાથે રાખી તપાસ કરતા બન્ને શખસો ૨૨ કરોડમાં લુપ્ત થતા પ્રાણીને વેંચવા નિકળ્યા હોવાનુ બહાર આવતા વધુ આ ગેરકાયદે ધંધામાં કેટલાક શખસોની સંડોવણી છે સહિતની પુછતાછ માટે પાંચ દિવસના રીમાન્ડ મેળવી વધુ પુછતાછ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જંગલમાંથી અતી લુપ્ત થતી પ્રજાતી પ્રાણીઓની તસ્કરી કરી તેનુ ગેરકાયદે વેંચાણ થતું હોવાની માહીતીને આધારે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહીતની ટીમે રાજકોટમાંથી શંકાસ્પદ હાલતમાં શખસને ઉઠાવી લઈ તેની પુછતાછ કરતા ગીરસોમનાથના કોડીનાર પાસેના ઘાટવડ ગામે રહેતા દિલીપ વિહાભાઈ મકવાણા હોવાનુ જણાવતા પોલીસે બન્ને શખસોની તલાસી લઈ વધુ તપાસ કરતા તેના મોબાઈલમાંથી લુપ્ત થતી પ્રજાતી પ્રાણી પેંગોલીન ના ફોટા તેમજ વિડીયો મળી આવ્યા હતા.

પોલીસની વધુ પુછતાછમાં આ પાણી સુત્રપાડાના ગાંગેથાગામે રહેતો બીજલ જીવાભાઈ સોલંકીએ ગેરકાયદે ગોધી રાખી વેપલો કરતો હોય અને દિલીપ ગ્રાહકો શોધતો હોવાનુ બહાર આવતા રાજકોટ પોલીસની ટીમે ઘાટવડ પોલીસની મદદ દેવાથી નીધાના જ ગા વિસ્તારમાં આતુભાઈ લાલકીયાની વાડીમાં દરોડો પાડી પેંગોલીનનુ સુરક્ષીત રીતે ફોરેસ્ટની ટીમ દ્વારા હસ્તગત કરી બીજલ અને દિલીપની ધરપકડ કરી વધુ તપાસ જામવાળા ફોરેસ્ટ સોપવામાં આવતા વધુ કાર્યવાહી કરી છે.

સોની વેપારીના મકાનમાંથી રૂ.૪૦.૩૦ લાખની ચોરીમાં ભાવનગરનો તસ્કર ઝડપાયો, ૭૦ લાખની મત્તા કબજે

ભકિતનગર સોસાયટીમાં વેપારીના મકાનમાંથી સોનાના દાગીના, રોકડની ચોરીનો ભેદ ઉકેલાયો: ભાવનગરથી એકસેસ લઇને રાજકોટ આવી માત્ર ૩૦ મિનિટમાં ચોરી કરી નાસી ગયો હતો



મુખ્ય સમાચાર, રાજકોટ

દિવાળીના દિવસે ચોપડા પુજન કરવા ગયેલા વેપારીના બંધ મકાનમાંથી રોકડ,દાગીના સહીત રૂ.૪૦.૩૦ લાખની ચોરી થયાની ભક્તિનગર પોલીસમાં ફરીયાદ થતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી હતી. બનાવમાં ક્રાઈમ બ્રાંચે સીસીટીવીના આધારે ભાવનગરના નામચીન તસ્કરને ઝડપી લઈ તેની પાસેથી રૂ.૭૦ લાખની મતા કબજે કરી પુછતાછ કરતા તે ભાવનગરથી એકસેસ લઈને રાજકોટમાં આવી માત્ર ૩૦ મીનીટમાં ચોરી કરી પરત નાસી ગયાનુ કાર્યવાહી કુદ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ભકિતનગરમાં રહેતા અને પેલેસ રોડ પર સોનાના દાગીના બનાવી વેંચવાનો ધંધો કરતા દિશાંતભાઈ રાણપરા તેના પરીવાર સાથે દિવાળીની રાત્રીના દુકાને ચોપડા પુજનમાં ગયા હતા તે દરમ્યાન તેના બંધ મકાનમાં ઉપરના દરવાજા પરથી મકાનમાં પ્રવેશી તીજોરી ખોલી ૮ લાખની રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૪૦.૩૦ લાખની કોઈ તસ્કર ચોરી કરી ગયાની ફરીયાદ કરી હતી. બનાવને પગલે ક્રાઈમ બ્રાંચની ટીમે માહીતીને આધારે આજોડેમ ચોકડી પાસેથી શંકાસ્પદ હાલતમાં શખસને અટકાવી તેની પુછતાછ કરતા તે ભાવનગરમાં શેલાર પીરની દરગાહ પાસે રહેતો ઈરફાન ઉર્ફે ભુરો ઈકબાલભાઈ સમા હોવાનુ જણાવતા પોલીસે તેની તલાસ લેતા તેની પાસેથી રૂ.૨.૩૫ લાખની રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી આવતા તેની અટકાયત કરી પુછતાછ કરી હતી.

પોલીસની પુછતાછમાં ભાવનગરથી દિવાળીની રાત્રીના ચોરી કરવા માટે રાજકોટ આવ્યો હતો અને ભકિતનગરમાં આવતા બંધ મકાન નજરે પડતા પાછળના ભાગેથી ઉપરના માળેથી અંદર પ્રવેશી તીજોરીની ચાવી મકાનમાંથી મેળવી ચોરી કરી પરત નાસી ગયો હોવાનુ સ્વીકાર કરતા પોલીસે તેની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૨.૩૫ લાખની રોકડ અને સોના-ચાંદીના દાગીના,એકસેસ મોટર સાઈકલ મળી કુલ રૂ.૭૦ લાખની મતા કબજે કરી વધુ કાર્યવાહી કરી છે.

જામનગર રોડ પર ઘટેશ્વર ૨૫ વારીયામાં યુવકની હત્યા કરનાર હત્યારાની ધરપકડ

કાકાએ ચોરાઉ ઘરેણાં વેચવા આપતા નિર્દોષ યુવાનનો ભોગ લેવાયો'તો; રિમાન્ડની તજવીજ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં દિવાળીના તહેવારોમાં છેલ્લા ૫ દિવસમાં છઠ્ઠી હત્યા થતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગયાનું ચિત્ર સામે આવ્યુ છે. ત્યારે વધુ બે હત્યાની ઘટના સામે આવી છે. ઘટેશ્વરમાં કાકાએ કરેલી ચોરીની શંકા ભત્રીજા પર જતા પડોશીએ છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યો હતો. પોલીસે ગણતરીની કલાકોમાં જ હત્યારા શખ્સને ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકલ્યો છે.

શહેરના મનહરપુરમાં ઘટેશ્વર ૨૫ વારિયા ક્વાટરમાં રહેતા અને મજૂરીકામ કરતા યુવાન વિજય સોલંકીને સરાજહેર એક શખ્સે ગળાના ભાગે છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધાની ઘટના બની છે. જે બાદ તાબડતોબ ગાંધીગ્રામ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મૃતકના કાકા દ્વારા આરોપીના ઘરે ચોરી કરી હતી અને ચોરીનો મુદ્દામાલ મૃતક મૃતક વિજયને વેંચવા આપ્યો હતો. જોકે આ ચોરી વિજયે કર્યાની શંકાએ આરોપી ધર્મેશ પત્ની સાથે મળી હત્યા નિપજાવ્યાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ શહેરમાં ઘટેશ્વર ૨૫ વારિયા ક્વાટરમાં રહેતા વિજય ચુનીભાઈ સોલંકીની ઘાતકી હત્યા કરી નાખવામાં આવી છે. ધર્મેશ નામના શખ્સે પોતાની પત્ની સાથે મળી યુવાનને ગળાના ભાગે છરીના ઘા મારી દીધા હતા. જેથી આ યુવાનના ગળામાંથી વધુ લોહી વહી ગયુ હતુ. ગંભીર રીતે ઘાયલ વિજયને હોસ્પિટલે લઈ જવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન પણ કરવામાં આવ્યો હતો જોકે યુવાન હોસ્પિટલે પહોંચે તે પહેલા જ તેને દમ તોડી દીધો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક વિજયના કાકા ભરત મનજી સોલંકીએ ૬ મહિના પહેલા આરોપી ધર્મેશના ઘરે સોનાનો કંદોરો સહિતની ચોરી કરી હતી. જે ંગે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ પણ નોંધાઈ હતી. જે બાદ કાકાએ ચોરીનો મુદ્દામાલ ભત્રીજાને વેંચવા આપ્યો હતો. જે ચોરી વિજયે કર્યાની શંકાએ ધર્મેશ અને તેની પત્ની સુમિત્રા ઉર્ફે ગુઠીએ વિજયનું છરીના ઘા મારી હત્યા કર્યોનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. પોલીસે ગણતરીની કલાકોમાં જ હત્યારા શખ્સને ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

આશાપુરાનગરમાં મકાનમાંથી રૂ.૧.૧૪ લાખના સોનાના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલાયો

ભકિતનગર પોલીસે ગોકુલધામની મહિલાની ધરપકડ કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં કોઠારીયા રોડ પર મહિલાના ઘેર તહેવારમાં સાલમુબારક કરવા ઘેર જઈ રેકી કરી બંધ મકાનમાંથી રૂ.૧.૧૪ લાખની ચોરી કરી નાસી જતા ભકિતનગર પોલીસે ગોકુલધામની મહિલાની ધરપકડ કરી વધુ પુછતાછ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કોઠારીયા રોડ પર આશાપુરા નગરમાં રહેતા રણજીતાબેન વિપુલભાઈ ગોહેલ તા.૨૪ના રોજ તેના ઘેર હતા ત્યારે તેના બહેન પણી જાગ્રુતિબેન તેના ઘેર સાલમુબારક કરવા આવ્યા હતા. બાદમાં તેના સંબધીના ઘેર જવાનુ હોય તેના પતિ અને સંતાનો સાથે ઘેર તાળુ મારી ચાવી બહાર ફળીયામાં છુપાવી ગયા હતા. અને જાગ્રુતિબેન તેના ઘેર ગયા હતા. બાદમાં ઘેર આવ્યા હતા અને કબાટ ખોલતા કપડા વેરવિખેર હોય તપાસ કરતા કબાટની તીજોરીમાં રાખેલા સોનાના દાગીના ગાયબ હોય ભકિતનગર પોલીસમાં ફરીયાદ કરી હતી.

બનાવને પગલે પીઆઈ સરવૈયા સહીતના સ્ટાફે શંકાસ્પદ રણજીતાબેનની બહેન પણી ગોકુલધામમાં રહેતી જાગ્રુતિબેનને ઉઠાવી તેની પુછતાછ કરતા તેને ચાવી ક્યા મુકી હોવાની જાણ હોય રણજીતાબેન તેના પરીવાર સાથે બહાર જતા રેઢા મકાનની ચાવી મેળવી ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે આરોપીની ધરપકડ કરી તેની પાસેથી ચોરાઉ દાગીના કબજે કરી વધુ પુછતાછ કરી છે.

રાજકોટમાં ચોરાઉ સીએનજી રીક્ષા ફેરવતો તસ્કર પોલીસની ઝપટે ચડી ગયો

બેડી ચોકડી પાસેથી બે દિવસ પહેલા રીક્ષાની ચોરી કરી હોવાની કબુલાત

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેર એલસીબી ઝોન-૧ ટીમે સીએનજી રીક્ષા ચોરીને ફેરવતા શખ્સને પકડી લીધો છે. મિલકત સબંધી અનડીટેકટ ગુન્હા ડીટેકટ કરવા તેમજ નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સુચના માર્ગદર્શન મળ્યા હોઈ તે અંતર્ગત ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ જગદીશસિંહ પરમાર તથા કોન્સ રવિરાજભાઈ પટગીરની બાતમી પરથી મયુર કાન્તિભાઈ સોલંકી (ઉ.વ ૪૨ ધંધો મજુરીકામ રહે વેલનાથ મફતીયા પરા સ્કુલની બાજુમાં મોરબી રોડ)ને બજાજ કંપનીની સી.એન.જી ઓટોરીક્ષા નંબર જી.જે.-૦૩-એયુ-૨૩૪૮ સાથે પકડ્યો મધુર આ રીક્ષા ચોરીને તે ફેરવતો હતો. પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા તથા એડી.પોલીસ કમીશ્નર મહેન્દ્ર છે. ઝોન-૧ હેતલ પટેલની સૂચના હેઠળ પોલીસ સબ ઈન્સ. બી.વી.ચુડાસમા તથા એ.એસ.આઈ. હરેશભાઈ પરમાર તથા મનરૂપગીરી ગોસ્વામી તથા પો.હેડ કોન્સ હિતેશભાઈ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર પો.કોન્સ. રવીરાજભાઈ પટગીરએ આ કામગીરી કરી હતી.

આ શખ્સે મોરબી રોડ બેડી ચોકડી પાસેથી બે દિવસ પહેલા સદરહું રીક્ષાની ચોરી કરી હોવાની કબુલાત આપી છે.

નાકરાવાડી ગામમાં જુગાર રમતા ૮ પત્તાપ્રેમીઓની ધરપકડ

દિવાળીની રજાઓમાં જુગારની મોજમાં ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે ભંગ પાડયો: રૂ.૭૩૧૩૦ની રોકડ કબ્જે

મુખ્ય સમાચાર, રાજકોટ

દિવાળીની રજાઓમાં નાકરાવાડી ગામે જુગારની રમતની મજા માણતા આઠ પત્તાઠેમીઓને ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે દબોચી લઇ રૂ.૭૩૧૩૦ની રોકડ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ ચુડાસમા, હેડ કોન્સ. હિતેષભાઈ પરમાર, કોન્સ. રવિરાજભાઈ સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે સોખડા ગામ પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, નાકરાવાડી ગામમાં શિવમંદિર ચોરા પાસે જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો સુરેન્દ્રનગરના દાળ મીલ રોડ પર વેલનાથ સોસાયટીનો મનોજ બચુ કાજીયા, સોખડા ગામનો સાગર મનસુખ ગોરીયા, ધમલપરનો હિતેષ લીંબા મજેઠીયા, સંદિપ રાજેશ મજેઠીયા, નાકરાવાડીનો રાહુલ રાજેશ મગવાનીયા, ગોવિંદ રમેશ રાતોજા, દિપક રવજી ભાવળીયા, સોખડાનો મહેશ કેશુ ગોરીયા સહિત આઠ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૭૩૧૩૦ની રોકડ કબ્જે કરી આઠ જુગારીઓ સામે ધરોણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જેતપુરના અમરનગર ગામે ચાલતા જુગાર પર પોલીસ ત્રાટકી: ૧૧ ઝબ્બે

જેતપુર તાલુકા પોલીસે રૂ.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો: શાપર-વેરાવળમાં જુગાર રમતા છ પરપ્રાંતિય શખ્સો ઝડપાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

દિવાળીની રજામાં અનેક લોકો ફરવા બહારગામ નિકળી જતા હોય જયારે ઈન્ડ્રીઝ એરિયામાં રહેતા પરપ્રાંતિય લોકો ફરવા ન ગયા હોય અને દિવાળીની રજામાં જુગારની મોજ માણવા ઠેકઠેકાણે ફિલ્ડ ગોઠવવામાં આવ્યા હોય તેમ જેતપુર તાલુકા પોલીસે અમરનગર ગામે જુગારનો ગણનાપ્રાત્ર કેસ શોધી ૧૧ જુગારીઓની અટકાયત કરી રૂ.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઈ એ.એમ.હેરમાની સુચનાથી એએસઆઈ વિપુલભાઈ, હેડ કોન્સ. અજીતભાઈ, રેવાભાઈ, ગીરીશભાઈ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ટીમને હકિકત મળી હતી કે, અમરનગર ગામથી દેવળકી ગામ જતા રોડ પર ફુલ્કુ નદીના કાંઠે બાવળના ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો સંજય ઉર્ફે સુરો ભીમજી સોંદરવા (રહે. દેવળકી ગામ), સાવન સામજી સોંદરવા, મહેન્દ્ર ઉર્ફે પ્રદીપ ઉના સોંદરવા, રવજી કાન્તી મકવાણા (રહે.વડીયા), દિલ્યેશ ઉર્ફે લાલો વિનુ સોંદરવા, અમીન ગની પરીયટ સહિત છ શખ્સોની ધરપકડ કરી હતી જયારે પોલીસને જોઈ નાસી ગયેલો રવિ સોંદરવા, પ્રકાશ સોંદરવા, દાદુ રીક્ષાવાળો, પ્રવિણ કાન્તી મકવાણા, હરેશ ઉર્ફે બુટો સોંદરવા સહિત પાંચ શખ્સોની શોધખોળ આદરી અલગ-અલગ ચાર વાહન, છકડો રીક્ષા તથા રોકડ મળી રૂ.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં શાપર-વેરાવળ પોલીસના પીઆઈ આર.બી.રાણાની સુચનાથી એએસઆઈ મુકેશભાઈ ચૌહાણ, ઈશ્વરભાઈ, હેડ કોન્સ. દિનેશભાઈ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમ્યાન વેરાવળ ભુમી ગેઈટ પાસે ઈન્ડ્રીઝ એરીયામાં જાહેરમાં જુગાર રમતો જયદિપ છોટુ મકવાણા, સોહનલાલ રાજારામ આહિરવાલ, આસન મલખાન પ્રજાપતિ, પ્રમોદ જગદેવ વર્મા, અમીત બુટેજાર પાસવાણ, સુરેન્દ્ર વ્રજગોપાલ શર્મા સહિત છ શખ્સોની ધરપકડ કરી રૂ.૧૧૨૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

રાજનગર ચોકમાં જાહેરમાં ઘોટીપાસાનો જુગાર રમતા પાંચ શખ્સો ઝબ્બે

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના નાનામોવા રોડ પર આવેલા રાજનગર ચોકમાં રીક્ષા સ્ટેન્ડ પાસે જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા પાંચ શખ્સોને ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨એલસીબી ટીમના એએસઆઈ જેન્તીભાઈ ગોહિલ, હેડ કોન્સ. રાહુલભાઈ, શક્તિસિંહ, હેમેન્દ્રભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન નાનામોવા રોડ પર રાજનગર ચોકમાં રીક્ષા સ્ટેન્ડ પાસે જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતો યુવરાજ દેવસિંગ ડોડીયા, ભીલવાસનો મકસુર અબાસ કટારીયા, મેઘમાયા નગરનો મુકેશ નાથા સોહિલીયા, બકુલ ઉર્ફે ભોદો બાલા મહેતા, ગાંધીગ્રામનો બળવંત ઉર્ફે વિપુલ ઘનશ્યામ રાજા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૨૧ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જાણીતા ચાના વેપારી પરિવાર પર વજ્રઘાત: ૧૬ વર્ષીય પુત્રીનું મૃત્યુ

ઘરે વૃક્ષ પરથી પટકાયા બાદ બેશુધ્ધ ખુશીએ ૧૨ દિવસે દમ તોડયો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની એસ્ટ્રોન સોસાયટીમાં રહેતા જાણીતા ચાના વેપારી પરિવારની દિવાળી ચિંતાતુર રહી હતી. પરિવારની ૧૬ વર્ષીય પુત્રી ઝાડ પરથી પટકાતાં માથાના ભાગે પહોંચેલી ઈજા જીવલેણ નિવડી હતી અને આખરે ઘટનાના ૧૨ દિવસ બાદ સગીરાએ સારવારમાં દમ તોડી દેતા લાડકવાઈના મૃત્યુથી પરિવાર શોકમગ્ન બની ગયો છે.

આ અંગેની વિગતો મુજબ, એસ્ટ્રોન સોસાયટી શેરી નં.૫માં 'આદેશ વિલા'માં રહેતા રાજકોટના અગ્રણી મહાજન અને જાણીતા ચાના વેપારી અનંતરાય ઉનડકટની પૌત્રી ખુશી મનોજકુમાર ઉનડકટ (ઉંમર ૧૬) ગત તારીખ ૧૪ ઓકટોબરના રોજ ઘરના કમ્પાઉન્ડમાં રહેલા જામફળના ઝાડ પર ચડી ફળ તોડી રહી ત્યારે નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

તુરંત જ તેણીને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહીં ૧૨ દિવસ સુધી મોત સામે લડયા બાદ આખરે શનિવારે તેણીએ આંખ મીચી દીધી હતી. બનાવ અંગે જાણ થતાં માલવિયા પોલીસ મથકના એએસઆઈ હર્ષદ પરમાર સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, અકસ્માત બાદ ખુશીના કાનમાંથી લોહી નીકળી ગયું હતું અને ત્યારબાદથી તે બેશુધ્ધ હાલતમાં હતી. તબીબોની ટીમ દ્વારા સગીરાની જિંદગી બચાવવા પ્રયાસો કરવામાં આવ્યા પણ માથાના ભાગે પહોંચેલી ઈજા જીવલેણ સાબિત થઈ હતી. મૃતક ખુશીના દાદા અનંતરાય રાજકોટના એક જાણીતા ચાના વેપારી છે. તેમજ તેણીના પિતા મનોજકુમાર ચાના વેપારી છે. ખુશી એક ભાઈ અને બહેનમાં નાની હતી.

દિવાળીના મહા પર્વે વેપારી પરિવાર માટે ચિંતાતુર રહ્યું હતું. સગા-સબંધીઓ પણ નાની ખુશી માટે સતત પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે શનિવારે રાત્રિના ઉનડકટ પરિવારની ખુશી છીનવાઈ ગઈ હતી.

ભગવતીપરા પુલ પાસે યુવકને છરી બતાવી રોકડની લૂંટ ચલાવનાર ત્રણ ઝડપાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં પોલીસના કહેવાતા ચુસ્ત પેટોલીંગ વચ્ચે ગુનાખોરો બેફામ બન્યા છે. ભગવતીપરા બ્રીજ નજીક પરપ્રાંતિય યુવકને છરી બતાવી ૭૫૦૦ની રોકડની અજાણ્યા શખસોએ છરી બતાવી લૂંટ ચલાવી નાસી જતા બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ લાતી પ્લોટમાં રહેતો મોહિત નામનો યુવક તેના મિત્ર સાથે પગપાળા જતો હતો તે દરમિયાન ભગવતીપરાબ્રીજ પાસે ત્રણ અજાણ્યા શખસોએ બંને યુવકોને આંતરી છરી બતાવી મોહીતના ખિસ્સામાંથી રૂ.૭૫૦૦ની રોકડ લૂંટી નાસી ગયા હતા. લૂંટનો બનાવ બનતા લોકો એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ થતા બી ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ એસ.એન.ઠિકોરા સહિતના સ્ટાફે મોહિતની ફરીયાદ પરથી ત્રણ અજાણ્યા શખસો સામે લૂંટનો ગુનો નોંધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી હતી તે દરમિયાન એસ ઓ જી ના પી.આઈ એસએમ જાડેજા ની સૂચનાથી પીએસઆઈ વી કે ઝાલા અને તેની ટીમના માણસો વિસ્તારમાં પેટ્રોલિંગ માં હોય તે દરમિયાન ભગવતી પરા નો કુલદીપ ઉર્ફે રાજ મોહન મકવાણા તથા પારેવડી ચોક ખોડીયાર પરા નો જય ઉર્ફે જોઈ લો વિક્રમ મકવાણા અને રોહિત ધર્મેન્દ્ર લઠેયા સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ ગણતરીની કલાકોમાં થયેલ લૂંટના બનાવનો ભેદ ઉકેલિ નાખ્યો હતો.

થોરાળા વિસ્તારમાં નશામાં ધુત શખ્સે મહિલાઓ સાથે ગેરવર્તન કરનાર શખ્સને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

શેરીમાં જાહેરમાં દારૂની બોટલ સાથે લઈ સીન સપાટા કરી મહિલાને ગાળો ભાંડતા વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેર ના સામાકાઠે એક શખ્સ મહિલાઓ સાથે એલફેલ બોલી ગેરવર્તન કરતો હોય તેવો વિડિઓ સોશીયલ મિડીયામાં વાયરલ થયો હતો. આ શખ્સને થોરાળા પોલીસે પકડી લઈ કાયદાનું ભાન કરાવ્યું છે.વાયરલ થયેલા વિડીયોમાં એક શખ્સ મહિલાઓ સાથે ગેરવર્તન કરતો જોવા મળ્યો હતો. આ શખ્સને થોરાળા પોલીસ સ્ટેશનની ટીમે પકડયો છે. પોલીસે મનોજ ઉર્ફે મનીયો કિશોરભાઈ ભીખાભાઈ સરવૈયા (ઉ.વ ૨૦ રહે, મનહર સોસાયટી શેરી નં ૦૧, ભાવનગર રોડ, રાજકોટ)ને પકડી કાયદાનું ભાન કરાવ્યું છે.જાણવા મળ્યા મુજબ ગઇ તા.૨૧/૧૦/૨૦૨૫ના રોજ સોશયલ મિડીયામાં એક વિડીયો વાયરલ થયેલ હોય જે વિડીયોમાં જણાવેલ શખ્સની તાકાલિક પકડી કાયદેસર કાર્યવાહી કરવા સૂચના આપેલ હોઈ જે અનુસંધાને પો.ઈન્સ. એન.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડના પોલીસ સબ ઈન્સ. એમ.એસ. મહેશ્વરી તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાયરલ થયેલ વિડીયોમાં જણાવેલ શખ્સની તપાસ કરી કરાવતા આ શખ્સ મળી આવતા તેને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. પોલીસે કાયદાનું ભાન કરાવે લુખ્ખા ની શાન ઠેકાણે કરી હતી